આજનો સુવિચાર

ગરીબ તેને કહેવાય જેનો ખર્ચ પોતાની આવક કરતા વધારે હોય

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૬૦ જૂનાગઢ તા. ૨૫-૦૨-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

યુક્રેનનાં પાટનગર કિવમાં રશિયાનું સૈન્ય ઘુસ્યું : ભીષણ જંગ

યુક્રેનનાં પતનની ગણાતી ઘડીઓ : રશિયાએ ટેન્કો અને હેલિકોપ્ટર દ્વારા કિવ ઉપર હુમલો કર્યો : યુક્રેનનાં સૈન્યએ પણ કેટલાક રશિયાનાં સૈનિકોને બંદી બનાવ્યા : રશિયાનું હેલિકોપ્ટર તોડી પાડયું

કિવ/મોસ્કો તા. ૨૫

રશિયાએ યુક્રેન ઉપર કરેલા હુમલાને ૩૬ કલાક થઈ ગયા છે. ત્યારે છેલ્લા અહેવાલો મુજબ રશિયાનું સૈન્ય યુક્રેનનાં પાટનગર કિવમાં ઘુસી ગયું છે. આજે બપોરે ૧૨.૦૦ કલાકે રશિયન સૈન્યની ટેન્કો કિવમાં પ્રવેશતી જોઈ શકાઈ હતી. રશિયાએ કિવ ઉપર ચારેબાજુથી હુમલો કરી દીધો છે અને પાટનગર કિવમાં ભારે વિસ્ફોટનાં અવાજો સંભળાઈ રહયા છે. કિવમાં રશિયન સૈન્ય અને યુક્રેનનાં સૈન્ય વચ્ચે ભીષણ જંગ ખેલાઈ રહયો છે. અહેવાલ મુજબ યુક્રેનનાં સૈન્યએ રશિયાનાં એક હેલિકોપ્ટરને અને કેટલીક ટેન્કોનો નાશ કરી નાખ્યો છે અને રશિયાનાં કેટલાક સૈન્યનો બંદી બનાવ્યા છે. સામે પક્ષે રશિયા દ્વારા થયેલી સૈનિક કાર્યવાહીમાં યુક્રેનને ભારે નુકશાન થયું છે અને અહેવાલ મુજબ ૮૦૦થી વધુ માણસોનાં મોત થયા હોવાનું જણાવાય રહયું છે. યુક્રેનનાં અધિકૃત સુત્રોનાં જણાવ્યા મુજબ રશિયાની સેના સિવિલીયન સ્થળોને ટાર્ગેટ કરી રહી છે. કિવ ઉપર સતત યુધ્ધ વિમાનો ફરી રહયા છે અને સમગ્ર આકાશ મિસાઈલોની ધણધણાટીથી ગુંજી ઉઠયું છે. લોકોને ઘરની બહાર નહી નીકળવા આદેશ આપી દેવામાં આવ્યો છે. સ્થિતિ અત્યંત કટોકટીભરી ગણાવાય રહી છે. નાટો અને અમેરીકાનાં દેશોએ યુક્રેનને સીધી મદદ કરવાનો ઈન્કાર કરી દીધો છે તેથી યુક્રેનની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે.

યુક્રેન ઉપર રશિયાના હુમલાનો આજે બીજો દિવસ છે. રશિયાએ યુક્રેન પર આકાશ અને જમીન બંને તરફથી યુક્રેન ઉપર હુમલો કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ પણ રશિયન હુમલાનો સામનો કરવા માટે સમગ્ર સેનાને ઉતારી દીધી છે. ઝેલેન્સકીએ કહ્યું કે કિવમાં ઘૂસેલી રશિયન સેનાનો પ્રથમ ટારગેટ હું જ છું.તેઓ મને મારીને દેશમાં અસ્થિરતા પેદા કરવા માગે છે.યુક્રેનને રશિયાની સાથે લડાઈમાં એકલું છોડી દેવાયું છે. પ્રથમ દિવસની લડાઈમાંજ ૧૩૭ લોકોનાં મોત થયા છે. યુક્રેન દાવો કરે છે કે તેની સેનાએ ૮૦૦થી વધુ રશિયન સૈનિકોને માર્યા છે. ૩૦ રશિયન ટેન્ક અને ૭ જાસૂસી એરક્રાફટનો પણ નાશ કર્યો છે.

રશિયાની સેના સાથે મુકાબલો કરવા માટે યુક્રેનની સરકારે નાગરિકોને ૧૦,૦૦૦ રાઈફલો આપી છે.યુક્રેનની રાજધાની કિવમાં હજુ પણ વિસ્ફોટો ચાલુ છે. CNNના અહેવાલો અનુસાર યુક્રેનની રાજધાની કિવમાં આજે સવારે ૩ મોટા વિસ્ફોટ થયા છે. રશિયન હુમલામાં અત્યાર સુધીમાં ૧૩૭ લોકો માર્યા ગયા છે, જ્યારે ૩૧૬ લોકો ઘાયલ છે. યુએસ અહેવાલો અનુસાર, યુક્રેન પર રશિયા દ્વારા કુલ ૨૦૩ હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં ૧૬૦ હુમલા મિસાઈલના હતા અને ૮૩ જમીન આધારિત લક્ષ્યોને ટારગેટ કરવામાં આવ્યા હતા.

રશિયાના હવાઈ હુમલામાં યુક્રેનને ભારે નુકસાન પહોંચ્યું છે. રશિયાના રક્ષા મંત્રાલયે હુમલો શરૂ થયાના ૧૨ કલાક બાદ નિવેદન જાહેર કરીને દિવસભરની અપડેટ આપી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે રશિયાની સેનાના હવાઈ હુમલામાં યુક્રેનની સશસ્ત્ર સેનાના ૭૪ મિલિટ્રી બેઝને નષ્ટ કરી દેવામાં આવ્યા છે.

યુક્રેની સેનાના બરબાદ થયેલાં મિલિટ્રી બેઝમાં ૧૧ એરફિલ્ડ, ત્રણ કમાન્ડ સેન્ટર, એક યુક્રેની નૌસૈનિક પોસ્ટ, ૧૯ એસ-૩૦૦ રડાર અને બુક એર ડિફેન્સ સિસ્ટમ સામેલ છે. આ ઉપરાંત રશિયાની સેનાએ ડોનબાસમાં એક યુક્રેની એટેક હેલિકોપ્ટર અને ચાર તુર્કીએ બનાવેલ બાયરકટાર સ્ટ્રાઈક ડ્રોનને પાડીદીધું છે. રશિયાએ એ પણ દાવો કર્યો છે કે તેમની સેનાએ યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમને એન્ટી રિડેએશન મિસાઈલોથી નિશાન બનાવી છે.

રશિયાએ દાવો કર્યો છે કે, રક્ષા મંત્રી સર્ગેઈ શોઈગુએ યુધ્ધ ક્ષેત્રોમાં આત્મસમર્પણ કરનાર યુક્રેનના સૈનિકોને સુરક્ષિત બહાર નીકાળવા માટે ખાસ વ્યવસ્થા બનાવવા આદેશ આપ્યા છે.આ ઉપરાંત રશિયાની સેનાને તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરવાનો પણ આદેશ કરાયો છે. આ ઉપરાંત રશિયાના સૈનિકોને યુક્રેનના શહેરો પર હુમલો ન કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. જો કે રશિયાના આ દાવની પુષ્ટિ કરી શકાતી નથી. તો બીજી બાજુ યુક્રેને દાવો કર્યો છે કે રશિયાના હુમલામાં ૭૦થી વધારે નાગરીકોનાં મોત નિપજયા છે.

અમનો એકલા અને નિ:સહાય છોડી દેવામાં આવ્યા છે : યુક્રેનનાં રાષ્ટ્રપતિએ બળાપો કાઢયો

કિવ તા. ૨૫

ગઈકાલે રાત્રીના તેઓએ એક વિડીયો સંદેશ જાહેર કર્યો હતો જેમાં તેઓ કિવમાંજ હોવાના અને દેશ છોડશે નહી તેમ ખાતરી આપી હતી. તેઓએ દર્દભર્યા સ્વરમાં કહ્યું કે આપણને એકલા લડવા છોડી દેવાયા છે.

આપણી આસપાસ કોઈ દેખાતા નથી. આપણને નાટોના સભ્યપદની કોણ ગેરેન્ટી આપતા હતા. દરેક લોકો ભયમાંછે. જેઓએ કહ્યું કે રશિયાના વિધ્વંશક દળો કિવમાં દાખલ થયા છે અને દેશના લોકો સાવધ રહેવા તથા ઘરની અંદર સલામત રહેવા અપીલ કરી હતી.

નાટો અને અમેરીકાનાં દળો યુક્રેનની મદદે નહી જાય : મૂકપ્રેક્ષક બની રહયા

વોશિંગ્ટન તા. ૨૫

યુક્રેન ઉપરના હુમલામાં પ્રથમ વખત અમેરિકા પ્રમુખ જો બાઈડને તેના સ્પષ્ટ મંતવ્યમાં અમેરિકા કે નાટો દળો યુક્રેનમાં પ્રવેશશે નહી તેવી જાહેરાત કરી છે અને કહ્યું કે જો નાટો દેશો ઉપર હુમલો થશે તો જ અમેરિકા અને નાટો દેશો તેનો મુકાબલો કરશે.

બાઈડને એક ટવીટ કરીને યુક્રેનના લોકો માટે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી અને જણાવ્યું કે તેઓ માટે આગામી સપ્તાહ અને મહિનામાં કષ્ટભર્યા રહેશે. પુટીન તેને બહું તકલીફ આપી રહ્યા છે પણ યુક્રેનની આઝાદીને ૩૦ વર્ષ થઈ ગયા છે.

જે કોઈ તેને છીનવવા કોશીષ કરશે તે સફળ થશે નહી. બાઈડને કહ્યું કે નાટો દેશોની એક એક ઈંચ જમીનની અમેરિકા રક્ષા કરશે. જો રશિયા નાટો દેશમાં ઘૂસશે તો અમો તેનો મુકાબલો કરીશું પણ અમેરિકી સેના યુક્રેનમાં તૈનાત થશે નહી. બાઈડને પુટીન સાથે વાટાઘાટની શકયતા પણ ફગાવી હતી.

આ છે આપણું ગુજરાત : ૧૦૦ દિવસમાં ૫૫૦ દુષ્કર્મ - અપહરણનાં બનાવો

અમદાવાદ તા. ૨૫ : દેશના સલામત ગણાતા રાજય ગુજરાતમાં નવેમ્બર-૨૦૨૧ થી ૧૦ ફેબ્રુઆરી સુધીના ૧૦૦ દિવસના આંકડા ઉપર નજર કરીએ તો ગુજરાતમાં સરેરાશ દરરોજ એક કરતા વધુ હત્યા થાય છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા ૧૦૦ દિવસમાં મહિલાઓ ઉપર દુષ્કર્મની ૨૬૯ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ તેની સામે ૨ ગણ સગીરાઓ ઉપર જાતિય અત્યાચારનો ભોગ બની. આમ પ્રતિદિન બે સગીરાઓ ઉપર હેવાનિયત ગુજારવામાં આવી છે.જ્યારે અપહરણના ૫૪૫થી વધુ બનાવો નોંધાયા છે.

પેટ્રોલ - ડીઝલમાં રૂા. ૧૫નો ભાવ વધારો ઝીંકાશે

નવી દિલ્હી, તા. ૨૫: છેલ્લા અઢી મહિનામાં કાચા તેલના ભાવમાં ૨૭ ટકાનો વધારો થયો છે, પરંતુ સ્થાનિક તેલ કંપનીઓએ આ સમયમાં પેટ્રોલ - ડીઝલના ભાવમાં વધારો કર્યો નથી. હવે રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધ બાદ કાચા તેલમાં વધારો થશે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધની ગરમી લોકોનાં ખિસ્સા સુધી પણ પહોંચશે. રશિયા-યુક્રેન તણાવના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ક્રૂડ ઓઈલના ભાવ વધી રહ્યા હતા અને ગુરુવારે રશિયાએ યુક્રેન ઉપર હુમલો કરતા જ ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૧૦૩ ડોલર સુધી પહોંચી ગયા છે. છેલ્લા અઢી મહિનામાં કાચા તેલની કિંમતમાં ૨૭ટકાનો વધારો થયો છે.

આ અઢી મહિનામાં સરકારી તેલ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો નથી. આવી સ્થિતિમાં હવે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી પૂરી થતાં જ તેલની કિંમતોમાં વધારો થવાની શકયતા પ્રબળ બની છે. નોંધપાત્ર વાત એ છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત ૧૦૩ ડોલર પ્રતિ બેરલ ઉપર પહોંચી ગઈ છે. અગાઉ ૨૦૧૪માં કાચા તેલની કિંમત ૧૦૦ ડોલરને પાર કરી ગઈ હતી. સ્થાનિક તેલ કંપનીઓએ ૩ નવેમ્બરથી પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. પરંતુ ત્યારપછી ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ૨૦ડોલરથી વધુ મોંઘુ થઈ ગયું છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો રશિયા-યુક્રેન યુધ્ધ લાંબો સમય ચાલે તો ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૧૨૦ ડોલર સુધી જઈ શકે છે. આવી સ્થિતિમાં સ્થાનિક તેલ કંપનીઓ ડીઝલ અને પેટ્રોલના ભાવમાં ૧૫ રૂપિયા પ્રતિ લિટર સુધીનો વધારો કરી શકે છે. શકય છે કે વધારો એકસાથે નહીં પરંતુ બે-ત્રણ તબક્કામાંથવો જોઈએ. નેચરલ ગેસના ભાવ પણ વધી રહ્યા છે. જેના કારણેઆગામી દિવસોમાં એલપીજી અને સીએનજીના ભાવમાં પણ ૧૦ થી ૧૫ રૂપિયાનો વધારો થઈ શકે છે.

મુંબઈ શેરબજારમાં આજે તેજી : ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ તા. ૨૫

રશિયા-યુક્રેન યુધ્ધને પગલે ગુરૂવારે પ્રચંડ કડાકો અનુભવનાર શેરબજારમાં આજે રિકવરી નોંધાઈ હતી. પ્રારંભિક કામકાજમાં સેન્સેકસમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

શેરબજારમાં આજે શરૂઆતમાં ગેપ-અપ હતી. રશિયા ઉપર આકરા નિયંત્રણોના સિલસિલા વચ્ચે વોલસ્ટ્રીટમાં ગતરાત્રે તેજી થતા અને આજે સવારે એશિયન માર્કેટ ગ્રીનઝોનમાં રહેતા ઘરઆંગણે પણ સારીઅસર હતી. લોકલ ફંડોની ધૂમ લેવાલી તથા વેચાણ કાપણીથી ઉછાળો તેજ બન્યો હતો.

શેરબ્રોકરોના કહેવા પ્રમાણે યુધ્ધના કારણને ડીસ્કાઉન્ટ કરવાનો માર્કેટનો મૂડ હોવાનું જણાયછે.યુક્રેનની મદદ માટે સૈન્ય મોકલવાનો અમેરિકાએ ઈન્કાર કરી દેતા કોઈ ગંભીર વળાંક નહીં આવવાનું માનવામાં આવતું હતું અને તેની અસર રે જ માર્કેટે રીકવરીનો માર્ગ પકડી લીધો હતો.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં તેજી થઈ હતી. ટેલ્કો, અદાણી પોર્ટ, ટીસ્કો, ઈન્ડસઈન્ડ બેંક, રીલાયન્સ, ટાટા પાવર, ઈન્ફોસીસ, લાર્સન, મારૂતિ, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટીસીએસ સહિતના લગભગ તમામ હેવીવેઈટ શેરો ઉછળ્યા હતા. રોકડાના શેરોમાં પણ તેજી થતાં ઈન્વેસ્ટરોના શ્વાસ હેઠા બેઠા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૧૩૧૦ પોઈન્ટના ઉછાળાથી ૫૫૭૩૯ સાંપડયો હતો તે ઉંચામાં ૫૫૯૮૪ તથા નીચામાં ૫૫૨૯૯ હતો. નેશનલ સ્ટોક એકસચેન્જનો નિફટી ૩૯૫ પોઈન્ટના ઉછાળાથી ૧૬૬૪૩ હતો

રહસ્યમય હિમાલીયન યોગી પ્રકરણમાં સીબીઆઈએ એનએસઈનાં ભૂતપૂર્વ અધિકારી આનંદ સુબ્રમણ્યમની ધરપકડ કરી

મુંબઈ તા. ૨૫: સીબીઆઈએ થોડા વર્ષો પહેલા નેશનલ સ્ટોક એકસચેન્જ (NSE)માં થયેલી ગડબડના સંબંધમાં આનંદ સુબ્રમણ્યમની ધરપકડ કરી છે. CBI અધિકારીઓએ આજે સવારે આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે નેશનલ સ્ટોક એકસચેન્જમાં ઘણી ગડબડ જોવા મળી આવી છે.

આનંદની ચેન્નાઈથી ધરપકડ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે આ ધરપકડ NSE કો-લોકેશન કૌભાંડના સંબંધમાં થઈ છે. થોડા વર્ષો પહેલા NSE ઉપર થયેલા આ કૌભાંડમાં અત્યાર સુધીની આ પહેલી ધરપકડ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આનંદ સુબ્રમણ્યમની ગતરાત્રે તેમના ચેન્નાઈમાં આવેલા ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. તેમને દિલ્હીમાં સીબીઆઈ હેડકવાર્ટર લઈ જવાની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારબાદ તેમને કસ્ટડી માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.



શિવરાત્રી મેળામાં પોલીસની બાજ નજર રહેશે

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ નજીક આવેલ ભવનાથ તળેટી ખાતે આજથી શિવરાત્રીનાં મેળાનાં શુભારંભ થયો છે. આ મેળા દરમ્યાન શાંતીપૂર્ણ વાતાવરણ બની રહે તે માટે ચૂસ્ત બંદોબસ્ત પોલીસનો ગોઠવવામાં આવ્યો છે. જૂનાગઢ રેન્જનાં ડીઆઈજી મનીન્દર પ્રતાપસિંહ પવાર, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી તેમજ ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનાં વડપણ હેઠળ પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ છે. ગઈકાલે લાલસ્વામીની જગ્યા ખાતે શરૂ થયેલ આપાગીગાનાં ઓટલા ચોટીલાનાં મહંત શ્રી નરેન્દ્રબાપુનાં માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ અન્નક્ષેત્રમાં ભાવિકોને પ્રસાદની વ્યવસ્થા સાથે સેવા શરૂ થઈ છે. જૂનાગઢ શિવરાત્રી મેળામાં ફરજ બજાવનાર પોલીસ સ્ટાફને પ્રસાદ-ભોજન લેવડાવવામાં આવ્યો હતો અને ઉચ્ચ અધિકારીઓનાં માર્ગદર્શન હેઠળ ડયુટીની ફાળવણી કરવામાં આવી હતી.

જૂનાગઢ સહકારી બેંક અને ગુજરાત રાજય સહકારી બેંકના સંયુક્ત ઉપક્રમે
તાલાળા માર્કેટ યાર્ડમાં ખેડૂત શિબિર યોજાઈ, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ
પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા.૨૫

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ જૂનાગઢ સહકારી બેંક અને ગુજરાત રાજય સહકારી બેંકના સંયુક્ત ઉપક્રમે ગીર-સોમનાથ તાલાળા માર્કેટ યાર્ડમાં ખેડૂત શિબિર કાર્યક્રમ તથા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમને સંબોધતા સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોની ચિંતા કરી છે અને તેમની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો અને તે દિશામાં કામો પણ શરૂ કર્યા. ખેડૂતોને જરૂરિયાતની તમામ વ્યવસ્થા જેવી કે પાણી, વિજળી, સારા રસ્તાઓ આપવા તે તમામ વિકાસલક્ષી કાર્યો શરૂ કર્યા છે. રાજયમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે ૨૧મી સદીમાં ખેડૂત પણ ટેકનોલોજીનો ઉપયોગ કરે તે વ્યવસ્થા સંગઠનના માધ્યમથી સી.આર. પાટીલના નેતૃત્વમાં થઈ તે બદલ તેમનો આભાર માન્યો હતો. રાજયમાં આવનાર વિધાનસભા ચૂંટણીમાં પ્રદેશ અધ્યક્ષનો સંકલ્પ છે કે, આપણે ૧૮૨ વિધાનસભા બેઠકો જીતવી, તો આપણે સૌ સાથે મળી જૂનાગઢ અને ગીર-સોમનાથની સાતેય વિધાનસભા જીતીએ તે વિશ્વાસ સાથે આગળ વધીએ તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે સંબોધન કરતા જણાવ્યું કે, કોઈ બેંક શિબિર કરે, ખેડૂતોને આમંત્રિત કરે, ખેડૂતોના હિતની વાત કરે અને ખેડૂત ભાઈઓને મદદ કરવાનો સફળ પ્રયાસ કરે છે તે માટે બેંકના ડિરેકટર, ચેરમેન અને સૌ આગેવાનોને અભિનંદન પાઠવ્યા હતા. ખેડૂત એ જગતનો તાત કહેવાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારથી ખેડૂતો માટે "કૃષિરથ" થકી ગામે ગામ વૈજ્ઞાનિકો સાથે રાખી સંમેલન કરાવ્યા, જેથી ખેડૂતોને ખેતીમાં વધુ જાણકારી મળે, સારો પાક કરી શકે અને ખેડૂતોની આવક વધી શકે તે દિશામાં પ્રયાસ કર્યા. ખેતીમાં કપાસમાં હવે સારો ભાવ મળતો થયો છે. કપાસમાં સારા ભાવ મળવા પાછળ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આયોજન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક વધે તે દિશામાં પ્રયાસો શરૂ કર્યા. ખેડૂતો પોતાના બાળકોને સારૂ શિક્ષણ આપી શકે તે માટે પ્રયત્નો કર્યા, ખેડૂતો માટે અનેક યોજનાઓ લાવ્યા છે. ખેડૂતોને એક યોજના અંતર્ગત ખેડૂતોને ૩ લાખ રૂપિયા ૦ ટકા વ્યાજદરે મળે છે તે અંગે માહિતી આપી હતી.

કોંગ્રેસની સરકારમાં ખેડૂતના હિત અંગે કોઈ યોજનાઓ બની નથી. કોંગ્રેસની સરકારે ખેડૂતોની ચિંતા ક્યારેય કરી જ નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની ચિંતા કરી અને વર્ષ દરમ્યાન ખેડૂતોને ૬ હજાર રૂપિયાની સહાય તેમના ખાતામાં સીધા જમા કરાવ્યા. આખા રાજયમાં ૩૬૦ જેટલી સહકારી સંસ્થાઓ છે જેમાં સુગર ફેકટકી, ડેરીઓ, કો-ઓપરેટીવ બેંક, એ.પી.એમ.સી. માર્કેટ, ખેતી બેંક આવી તમામ સહકારી સંસ્થાઓમાંથી ૩૦૨ જેટલી સંસ્થાઓમાં ભાજપના કાર્યકરો જવાબદારી સંભાળે છે. પહેલાના સમયમાં ખાડે ગયેલી કેટલીય સહકારી સંસ્થાઓને ભાજપના આગેવાનોએ જવાબદારી મળતાની સાથે આજે ફરી મજબૂત કરી છે અને આજે પણ પ્રજાના હિત માટે કામ કરી રહી છે.

વિસાવદરનાં ચાંપરડા નજીક કારનું ટાયર ફાટતાં ૨ મહિલાનાં મોત, બેને ઈજા

જૂનાગઢ તા.૨૫ : મેંદરડાનાં દાત્રાણા-રામપરા ગામેથી વિસાવદરનાં કાલસારી ગામે સામાજિક પ્રસંગમાં જઈ રહેલી કાર નં. જીજે-૧૦-એપી-૨૬૯૫નું ચાંપરડા ગામ નજીક ટાયર ફાટતા કાર ઝાડ સાથે ભટકાઈ હતી. જેમાં સવિતાબેન વલ્લભભાઈ વઘાસિયા (રહે.રામપરા, ઉ.વ.૬૦) અને ભાવનાબેન મણિભાઈ કયાડા (રહે.જામકા, ઉ.વ.૪૮)નું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. તેમજ પારસ વલ્લભભાઈ વઘાસીયા (ઉ.વ.૩૨) અને પુરીબેન પ્રભુદાસભાઈ કચાડા (ઉ.વ.૪૨)ને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી બંનેને વિસાવદર હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં વિસાવદર પોલીસે મણીલાલ વશરામભાઈ કયાડા(રહે.જામકા)ની ફરિયાદ આધારે કાર ચાલક પારસ વઘાસીયા વિરૂધ્ધ ગુનો નોંધી પીએસઆઈ આર.ડી. ડામોરે આગળની તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ ડેપોથી ભવનાથ સુધીની બસ સેવાનો પ્રારંભ

(તસ્વીર : જયેશ મહેતા)

જૂનાગઢ તા.૨૫

મહાશિવરાત્રીનાં મેળાને લઈ જૂનાગઢ એસટી ડેપો ખાતેથી ભવનાથ સુધીની બસ સેવાનો પ્રારંભ વિભાગીય નિયામક જી.ઓ. શાહનાં વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિભાગીય પરિવહન પિલ્લાઈકર, ડી.એમ. આઈ ચગી, ડેપો મેનેજર ચૌધરી તથા ત્રણેય સંગઠનનાં હોદેદારો હાજર રહ્યા હતા. આ મેળા માટે ૫૦ મીની બસ, ૧૧૪ કંડકટર, ૧૨૮ ડ્રાઈવર તથા અન્ય ૪૦ સ્ટાફ ૨૪ કલાક ખડે પગે રહેશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

ખંભાળિયામાં એકલવાયું જીવન જીવતા રઘુવંશી આધેડે જિંદગી ટૂંકાવી

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયાના વોરા વાડ વિસ્તારમાં રહેતા અને અપરિણીત એવા નીતિનભાઈ કિશોરભાઈ રાડિયા નામના આશરે પર વર્ષના લોહાણા આધેડ છેલ્લા ઘણા સમયથી વિવિધ પ્રકારની બીમારીઓ સાથે માનસિક રીતે અસ્વસ્થ હાલતમાં હતા. નીતિનભાઈ બુધવારે સાંજે તેમના એક મિત્ર પાસેથી નીકળીને ગયા બાદ પરત ન ફરતા તેમની વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ વચ્ચે ગઈકાલે ગુરૂવારે સાંજે અહીંના ઘી ડેમ વિસ્તારમાં નીતિનભાઈના મોબાઈલ, પર્સ વિગેરે પડ્યા હોવાની જાણ તેમના પરિવારજનોને થતાં આ અંગે અહીંના ફાયર બ્રિગેડ વિભાગ તથા પોલીસ તંત્રને જાણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને ફાયરના જવાનોએ ડેમમાંથી નિતીનભાઈ રાડિયાનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

ખંભાળિયા પંથકમાં મસીનું આક્રમણ

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયા પંથકમાં આજે સવારથી ઝીણી જીવાતનો ઉપદ્રવ વધતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. મસી નામની આ ઉડતી જીવાતથી ખાસ કરીને વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં ગુલાબી ઠંડી વચ્ચે આજે સવારથી મોડે સુધી વાતાવરણમાં ઉડતી મસી વાહનમાં જતા તથા ચાલીને જતા લોકોના આંખમાં તથા શરીર ઉપર અને કપડા ઉપર બાઝી જતા નગરજનો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

ખંભાળિયાના સલાયા ગામે આવતીકાલે જલારામ બાપાની પુણ્યતિથીની થશે ભાવભરી ઉજવણી

જામ ખંભાળિયા તા.૨૫

સંત શિરોમણી પુજ્ય જલારામ બાપાની ૧૪૧ મી પુણ્યતિથિ નિમિત્તે ખંભાળિયા તાલુકાના સલાયા ગામે અનેકવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પુજ્ય જલારામ બાપાની પુણ્યતિથિ પ્રસંગે સલાયા ખાતે આવેલા જલારામ મંદિરે આવતીકાલે શનિવારે સાંજે ચારથી સાત વાગ્યા દરમ્યાન છપ્પન ભોગ તથા અન્નકૂટના દર્શન યોજવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાઆરતી તેમજ નૂતન ધ્વજારોહણ કાર્યક્રમનું પણ આયોજન સલાયાના અગ્રણી દિલીપભાઈ કેશવજીભાઈ તન્ના તથા સલાયા શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા-અશ્વિનભાઈ તન્નાના સહયોગથી કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગઢુ ગામે કારે મોટર સાયકલને હડફેટે લેતા બેને ઈજા

જૂનાગઢ તા. ૨૫

ચોરવાડથી ૬ કી.મી.નાં અંતરે ગઢુ ગામનાં સર્કલ પાસે કાર નં. જીજે-૦૬-પીબી-૯૩૧૧નાં ચાલકે મોટર સાયકલ નં. જીજે-૧૧-એઆર- ૧૭૦૬ને હડફેટે લઈ અકસ્માત સર્જતા ફરીયાદી મેણસીભાઈ ખીમાભાઈ સોલંકી (ઉ.વ.૫૬) રહે. ખંભાળીયા માળીયા હાટીના) તથા સાહેદને ગંભીર ઈજા પહોંચાડી હતી. આ બનાવમાં ચોરવાડ પોલીસે કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શિવરાત્રીનાં મેળામાં લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો, ૩૦૦૦થી વધુનો પોલીસ કાફલો તૈનાત

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ ખાતે યોજાનાર શિવરાત્રી મેળામાં લાખોની સંખ્યામાં ભાવિભકતો આવનાર હોય તેમજ આ મેળામાં મહાનુભાવો હાજર રહેતા હોય, જૂનાગઢ પોલીસ દ્વારા જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનિંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ, જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. આ શિવરાત્રી મેળાની સુરક્ષા માટે જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ ૭ ડીવાયએસપી, ૨૫ પોલીસ ઈન્સ., ૯૪ પોલીસ સબઈન્સ., ૧૪૦૮ પોલીસ સ્ટાફ સહિત ૬૬૯ હોમગાર્ડ, ૪૫૮ જીઆરડી, ૫૪ ટ્રાફિક જવાનો, ૧૪૦ મહિલા પોલીસ તેમજ ૨ એસઆરપી કંપની મળી, કુલ આશરે ૩,૦૦૦ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફને ખાસ તૈનાત કરવામાં આવેલ છે. આ ઉપરાંત કુલ ૩૦ જેટલી રાવટીઓ જુદી જુદી જગ્યાએ ગોઠવી, તેમાં પણ પોલીસ તૈનાત કરવામાં આવેલ છે. હથિયારધારી માણસો પણ ગોઠવવામાં આવેલ છે. સમગ્ર મેળા બંદોબસ્તમાં મેટલ ડિટેક્ટર રાખી, ખાસ ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે અને રૂપાયતન ત્રણ રસ્તા તથા સ્મશાન ત્રણ રસ્તા ખાતે અમદાવાદ વડોદરાથી ખાસ બેગેજ સ્કેનર મંગાવી, યાત્રાળુઓને સામાનનું ચેકીંગ કરવા માટે બેગેજ સ્કેનરની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનિંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા, કેશોદ ડિવિઝન ડીવાયએસપી જે.બી. ગઢવી, હેડ ક્વાર્ટર ડીવાયએસપી આર.વી. ડામોર, ડીવાયએસપી એચ.એસ. રતનું, માંગરોળ ડીવાયએસપી ડી.આર. કોડિયાતર, ડીવાયએસપી ડો. કે.કે. ઠાકુર, ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. હરેન્દ્રસિંહ ભાટી, લોકલ ઈન્ટેલિજન્સ બ્રાન્ચના પીઆઈ એન.આર. પટેલ, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પી.આઈ. એ.એમ. ગોહિલ, ભવનાથ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. એમ.સી. ચુડાસમા સહિતના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા ખાસ મેળા બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. આ મેળા બંદોબસ્તમાં વોચ ટાવરની વ્યવસ્થા કરી, દૂરબીન, વોકિટોકી સાથે માણસો રાખી, ખાસ વોચ રાખવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેર વિસ્તારમાં પ્રવેશતા માર્ગો ઉપર વાહન ચેકીંગ માટે ચેક પોસ્ટ ઉપર પોલીસના માણસો દ્વારા ખાસ વાહન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત મેળાની ભીડમાં ચોરી, પિક પોકેટિંગ, છેડતી, કેફી પીણું પીને ફરતા લુખ્ખા તત્વો વિગેરે જેવા બનાવો રોકવા તેમજ ગુન્હેગારોને ઓળખવા ક્રાઈમ બ્રાન્ચ તથા એસ.ઓ.જી. તેમજ ડીસ્ટાફના માણસોને ખાસ સાદા કપડામાં તૈનાત કરી, ગુન્હેગારો ઉપર વોચ રાખવા ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત આવા આવારા તત્વો તથા ગુન્હેગારો ઉપર નજર રાખવા બહારના જિલ્લાઓની ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના માણસોને પણ ખાસ ફરજ ઉપર બોલાવવામાં આવેલ છે. વધુમાં જૂનાગઢ શહેરમાં પણ ખાસ નાઈટ દરમ્યાન ચેકીંગ હાથ ધરી, હોટલ ધાબા ચેક કરવાની તથા પ્રોહીબિશનના બુટલેગરોને ચેક કરી, ગેર કાયદેસર પ્રવૃત્તિ ડામવા માટે સતત શિવરાત્રી સુધી જુદી જુદી ટીમો બનાવી, કોમ્બિગસાથેચેકીંગ હાથ ધરાવા પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. વધુમાં, ખોવાયેલા અને ગુમ થયેલાં માણસો, બાળકો અને મહિલાઓ માટે ખાસ ખોયા પાયા સ્કવોડની રચના કરવામાં આવેલ છે. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા શિવરાત્રી મેળામાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવી, યાત્રાળુઓ મેળામાં નિર્ભય રીતે ફરી શકે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પગલાઓ તથા બંદોબસ્તની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

ભવનાથ મહાદેવની પૂજા કરી દર્શન કરતા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ

જૂનાગઢ તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અને સાંસદ સી.આર. પાટીલે ગઈકાલે ભવનાથ મહાદેવ મંદિરે ભવનાથ મહાદેવની પૂજા -અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો. તેમની સાથે સાંસદ રાજેશ ચુડાસમા, મનપાના મેયર ગીતાબેન પરમાર તેમજ ડે.મેયર ગીરીશભાઈ કોટેચા, ભવનાથ મંદિરના મહંત હરીગીરી મહારાજ, અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુ, સંતો તેમજ કોર્પોરેટર એભાભાઈ કટારા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા સહિતના મહાનુભાવોએ ભવનાથ મહાદેવની પૂજા કરી હતી તેમજ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા સંતો સાથે શિવરાત્રી મેળા અંગે ગોષ્ઠી કરી હતી. (તસ્વીરઃ વિજય ત્રિવેદી)

ભવનાથ મહાદેવની પૂજા કરી દર્શન કરતા ભવનાથ ખાતે મહા શિવરાત્રી મેળા દરમ્યાન વન્યપ્રાણી તેમજ પર્યાવરણના હિતોની જાળવણી કરવા જરૂરી સુચનાઓ

જૂનાગઢ તા.૨૫

ભવનાથ મુકામે આવેલ ૫૭.૦૦ એકર વાળી રેવન્યુ જમીન વિસ્તારમાં ચાલુ વર્ષે તા.૨૫-૨-૨૦૨૨થી તા.૧-૩-૨૦૨૨ સુધી મહાશિવરાત્રી મેળો ભરાવાનો હોવાથી આ મેળામાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવવા સંભવ છે. આ ૫૭.૦૦ એકર વાળી રેવન્યુની જમીન ફરતે ગિરનાર વન્યપ્રાણી અભયારણ્યનો વિસ્તાર આવેલ છે. જેમાં વન્યપ્રાણી અને પર્યાવરણના હિતોની જાળવણી તથા નિયમન કરવાની જરૂરીયાત જણાય છે, આ સબબ નીચેના નિયમોનું પાલન કરવા જાહેર જનતા, તથા લાગતા વળગતા સરકારી અધિકારીઓ તથા અન્ય આયોજકોને જાણ કરવામાં આવે છે.

૧. સરકારનાખેતી અનેવન સરકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રાંક : એફએલડી/૧૦૭૧-૬૩૧૨૦/પી/ તા.૭/૬/૧૯૭૨થી ૫૭.૦૦ એકર જમીન નક્કી કરેલ હેતુ માટે દર વર્ષે ભરાતા મહા શિવરાત્રી મેળાની વહીવટી સુગમતા જળવાય એ ઉદેશથી જીલ્લા પંચાયત હસ્તક મુકવામાં આવેલ હતી જે વિસ્તાર હાલ જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તક છે. મહા શિવરાત્રી મેળાને સંલગ્ન સુવિધાઓ જેવી કે ઉતારા, દુકાનો વિગેરે મેળા વિસ્તારમાં ઉભી કરવાની હોય છે.

૨. આ ૫૭.૦૦ એકર જમીનના ફરતે ગિરનાર વન્યપ્રાણી અભયારણ્યનો વિસ્તાર આવેલ છે. આ જંગલ વિસ્તારને કે તેમાં રહેતા વન્ય જીવોને નુકશાન કરવું નહીં.

૩. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્યવિસ્તારમાં કોઈપણ ઈસમ પરવાનગી વગર પ્રવેશ કરી શકશે નહીં અને ફાયર આર્મ્સ, બંદુક વિગેરે તથા કુહાડા, તલવાર, ધારીયા જેવા ઘાતક હથિયાર લઈ જઈ શકશે નહીં.

૪. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં વ્યવસાયીકધંધાના કેજાહેરાતના હેતું માટે છાવણી, તંબુ, રેકડી કે સ્ટોલ રાખી શકશે નહીં.

૫. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં પરવાનગી વગર પ્રવેશ કરવો તે ગુન્હો બને છે. તેમ છતાં કોઈ ઈસમ તેમાં પ્રવેશ કરીને વન પેદાશો કે ઝાડ પાનને કાપીને લઈ જશે અથવા તેને નુકશાન કરશે તો તેઓની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

૬. ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્ય વિસ્તારમાં વન્યપ્રાણીઓને ખલેલ કરે તેવી કોઈ વધારે પ્રકાશવાળી યંત્ર સામગ્રી વધુ ઘોંઘાટ થાય તેવા ટેપ, રેડીયો, લાઉડ સ્પીકર, ટી.વી. વિગેરેનો ઉપયોગ કરી શકશે નહીં.

૭. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં પરવાનગી વિના જઈ લાકડા કે ઘાંસ સળગાવી શકાશે નહીં કે સ્ફોટક પદાર્થો ફટાકડા વિગેરે લઈ જઈ શકશે નહીં.

૮. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્યમાં વન્ય પ્રાણીઓનો ભય રહેલ હોય કેડીઓ કે અન્ય જંગલ ભાગમાં વગર પરવાનગીએ અવર જવર કરવા કે વાહન લઈ જવા ઉપર સખ્ત પ્રતિબંધ છે. વન્ય પ્રાણીઓને છંછેડવા નહીં. વન્ય પ્રાણીઓ દ્વારા વન વિસ્તારમાં ઈજા કરશે તો તે અંગેની અત્રેની કોઈ જવાબદારી રહેશે નહીં.

૯. ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં સિંહોનો વસવાટ હોય તથા મહા શિવરાત્રી મેળા વિસ્તારની આજુબાજુમાં સિંહોની અવર-જવર રહેતી હોય કોઈપણ વ્યક્તિઓએ આ વિસ્તારમાં સિંહોને છંછેડવા નહીં તથા તેને નુકશાન થાય તેવી કોઈપણ પ્રકારની પ્રવૃતિ કરવી નહીં. તથા કોઈપણ વન્યપ્રાણીનો શિકાર કે નુકશાન કરવું નહીં. જો તેમ કરવામાં આવશે તો તેઓની સામે ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વન્યપ્રાણીની રંજાડના બનાવ સબબની જાણ વન વિભાગની રાવટી ઉપર અથવા આ વિભાગ હેઠળના ઈગલ વાયરલેસ કન્ટ્રોલ રૂમ, સરદારબાગના ફોન.નં. (૦૨૮૫) ૨૬૩૩૭૦૦, ભવનાથ કંન્ટ્રોલ રૂમ ઉપર શ્રીયુ. જે. ડાકી, વનપાલના મો.નં.૯૫૭૪૨-૪૧૬૧૯, રેન્જ ફોરેસ્ટ ઓફીસર ડુંગર દક્ષિણ રેન્જ, જૂનાગઢના મો.નં.૭૫૬૭૩ ૦૬૧૬૪ તથા લાયઝન અધિકારી (મહાશિવરાત્રી મેળો-૨૦૨૨) અને મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ વન વિભાગના મો.નં.૯૫૭૪૪ ૪૧૪૪૪ ઉપર સત્વરે સંપર્ક કરી શકો છો. વનમાં દવ લાગે કે બીજી કોઈ અન્ય મુશ્કેલીઓનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સરકારી ફરજ બજાવતા તમામ ખાતાના કર્મચારીઓ/અધિકારીઓ એ જરૂરી સાથ સહકાર આપવા માટે તેમજ જાહેર જનતાને આવશ્યકતા ઉભી થાય તો જંગલ સંરક્ષણ માટે આપવી તે તેઓનું ભારતના સંવિધાન મુજબ રાષ્ટ્રીય કર્તવ્ય છે. ઉપરોક્ત જાહેર વિજ્ઞપ્તીના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ તથા તેને અંતર્ગત કલમો તેમજ ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસી બજારમાંથી કાર ઈન્સ્યોરન્સ પોલીસીની ખરીદી ઉપર ૮૫ટકા સુધીનું ડીસ્કાઉન્ટ મેળવો

અમદાવાદ તા. ૨૫

ભારત અનેક વર્ષોથી સ્થાનીક અને વિદેશી ઓટોમોબાઈલ ઉત્પાદકો માટે હોટસ્પોટ બની રહ્યું છે. તેનું એક કારણ એ છે કે, ભારતમાં વધુ ગ્રાહકો પરિવહન માટે ફોર વ્હીલર ખરીદી રહયા છે. પરિણામે રસ્તા ઉપર કારની સંખ્યામાં સતત વધારો થઈ રહયો છે. આ અપેક્ષાઓ પુરી કરવા વિવિધ નવા મોડેલ્સ અને વેરીઅન્ટસ સતત લોન્ચ થઈ રહયા છે. આ વૃધ્ધીએ ધ મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ હેઠળ વધુ મોટર વીમાની ખરીદીમાં પણ વધારો કર્યો છે. કારણ કે કાર ખરીદનાર માટે થર્ડ પાર્ટી રીસ્ક સામે તેમના વાહનાનો વીમો ખરીદવો આવશ્યક છે.

મોટર વીમા પોલીસી ખરીદવાની પરંપરાગત રીતે કંટાળાજનક છે. અને ઘણો સમય માગી લ છે. વિવિધ કોલ્સ અને એજન્ટો સાથે મીટીંગ્સ કેટલાક વિકલ્પોમાં પરિણમે છે, જે પછી યોગ્ય વિકલ્પ ખરીદતા પહેલા અન્ય વિકલ્પો સાથે તેની સરખામણી કરવી પડે છે.

પોલીસી બજાર.કોમના સીબીઓ-જીઆઈ તરૂણ માથરે જણાવ્યું હતું કે, કાર વીમા ખરીદતી વખતે માત્ર વીમા એજન્ટો અથવા કંપનીઓ ઉપર આધાર રાખશો નહીં કારણ કે તમે સ્પર્ધાત્મક ઓનલાઈન વાતાવરણમાં શકય, સસ્તો અને બહેતર સોદો ચુકી શકો છો. વધુમાં ઘણી સંસ્થાઓ ઓનલાઈન ખરીદીમાં નીચા દર ઓફર કરે છે. કારણ કે આ પ્રક્રિયામાં કાગળના ઓછા વપરાશ, ઓપરેશનલ બચત અને અન્ય ઓવરહેડ ચાર્જમાં થાય છે. તેથી પરંપરાગત રીતે આ બચત ગ્રાહકને આપવામાં આવે છે. પરંતુ ધ્યાન રાખો અને ખાત્રી કરો કે સરખામણી સમાન પોલીસી અને સુવિધાઓ વચ્ચે છે. હાલમાં પોલીસીબાજાર વ્યાપક મોટર વીમા યોજનાઓ ઉપર ૮૫ટકા સુધીનું ડીસ્કાઉન્ટ પ્રદાન કરી રહયું છે.

કાર વીમો ખરીદતી વખતે મધ્યમ વ્યક્તિ અથવા એજન્ટ માટે સૌથી મહત્વની બાબત વિવિધ શકય પોલીસીઓ વિષેની માહિતી મેળવવાની અને વ્યક્તિની જરૂરીયાતને અનુરૂપ પોલીસી પુરી પાડવાની છે. જો કે જયારે ઓનલાઈન વીમાની ખરીદી કરવામાં આવે છે ત્યારે વિગતો વેબ ઉપર સરળતાથી ઉપલબ્ધ હોય છે. આમ ઓનલાઈન ખરીદી એજન્ટની જરૂરીયાતને દુર કરે છે, જેઓ વધુ કમિશન મેળવવા માટે ઘણી વખત ચોકકસ નીતિઓ આગળ ધપાવે છે. જો કે કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં, વિશેષતાઓને સમજવા માટે તમારી વીમા કંપનીનો સંપર્ક કરવામાં શરમાશો નહીં.

વિશ્વસનીયતાની ચિંતાએ ઘણાનો ઓનલાઈન વીમા ખરીદવાથી દુર રાખ્યા છે. પરંતુ એક સરળ ઉપાય છે, એવા લોકોની સમીક્ષાઓ વાંચો કે જેમણે પહેલેથી જ આ સેવાઓનો લાભ લીધો છે અને ચોકકસ કવરેજ પ્લાન ખરીદયો છે અને તેનો ઉપયોગ કર્યો છે. આનાથી તેની સાથે આગળ વધવું કે નહીં તેનો ખ્યાલ આવશે.

ખેડૂતો દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન ઉપર સહાય યોજનાના લાભાર્થીઓને પ્રતિકાત્મક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ જિલ્લાના બે સ્થળોએ યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમમાં અધિકારીઓ, ખેડૂતો જોડાયા

જૂનાગઢ તા.૨૫

ખેડૂતો દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન ઉપર સહાય યોજનાના લાભાર્થીઓને પ્રતિકાત્મક સહાય વિતરણ રાજય કક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તેમજ કૃષિ મંત્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયો હતો. જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં બે સ્થળોએ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ કલેકટર કચેરી, સભાખંડમાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને તેમજ બી.આર.સી.ભવન, કેશોદ ખાતે નાયબ બાગાયત નિયામક, જૂનાગઢ તથા તાલુકા વિકાસ અધિકારી, કેશોદની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમોમાં જૂનાગઢ ખાતે ૪૫ ખેડૂતો અને કેશોદ ખાતે ૩૫ ખેડૂતો હાજર રહી વર્ચ્યુઅલ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમમાં સહાય હુકમો વિતરણ કરવામાં આવ્યા હતા. સરકારની આ યોજનાથી કૃષિક્ષેત્રે ખેડૂતોને હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાત ઉપદ્રવની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવિનતમ ખેત પધ્ધતિ, રોગ-જીવાત નિયંત્રણની તકનીકી, ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની માહિતી મેળવવા તેમજ ખેતીવાડી ખાતાની સહાય મેળવવા ઓનલાઈન અરજી કરવા સરકાર દ્વારા સ્માર્ટફોન ઉપર સહાય આપવાની યોજના ચાલુ વર્ષે સૌ પ્રથમવાર અમલમાં મુકેલ છે.

જૂનાગઢ જિલ્લા અને મનપા દ્વારા તા.૨૬ના ગરીબ કલ્યાણ મેળો યોજાશે

પ્રભારીમંત્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે લાભાર્થીઓને સહાય, ચેક વિતરણ કરાશે

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લા અને મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ ફેબ્રુઆરીના ગરીબ કલ્યાણ મેળો યોજાશે. જેમાં જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે લાભાર્થીઓને ચેક, સહાય વિતરણ કરવામાં આવશે. છેવાડાના લાભાર્થીને ઘર આંગણે જ સહાય આપવા રાજય સરકાર કટિબધ્ધ છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા અને મહાનગરપાલિકા દ્વારા આયોજિત ગરીબ કલ્યાણ મેળા-૨૦૨૨ તા.૨૬-૨-૨૦૨૨ના સવારે ૯ કલાકે કૃષિ યુનિવર્સિટી ઓડીટોરીયમ હોલ, જૂનાગઢ ખાતે યોજાશે. જેમાં વાહન, વ્યવહાર નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ રાજયમંત્રી અરવિંદભાઈ રૈયાણી, જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારિયા, જૂનાગઢ મનપા મેયર ગીતાબેન પરમાર, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા ઉપસ્થિત રહેશે.

કેશોદ ખાતે ચિલ્ડ્રન યુનિવર્સીટી અંતર્ગત સ્પર્ધાઓ યોજાઈ

જૂનાગઢ તા.૨૫

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખીને તેમને બહાર લાવવાનું કામ ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. તે અંતર્ગત કેશોદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૧૪ વર્ષથી નીચેના બાળકો માટે ચિત્ર સ્પર્ધા, નૃત્યસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તેમજ ગીત સ્પર્ધાનું શાળા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થયેલા બાળકોની કલસ્ટર કક્ષાએ સ્પર્ધાઓ યોજાઈ હતી અને તેમાં વિજેતા થયેલ બાળકોની કેશોદ બી.આર.સી.ભવન ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકોએ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને વિવિધ વિભાગોમાં પોતાનું પ્રતિભાઓ બતાવી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. કેશોદ બી.આર.સી. ભવન ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં ગીત સ્પર્ધામાં નાની ઘંસારીની ચાંડેરા રિયા, વકતૃત્વ સ્પર્ધામાં મેસવાણની ઘોડાસરા ઈશ્વરી, નૃત્ય સ્પર્ધામાં ઈન્દિરાનગરની ધમળ હિમાંસી અને ચિત્ર સ્પર્ધામાં ઈન્દિરાનગરની રાવલીયા રોશનીએ પ્રથમ નંબર મેળવી પોતાની શાળાનું નામ રોશન કર્યું હતું. આ બાળકો હવે જીલ્લા કક્ષાએ કેશોદ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે અને પોતાની પ્રતિભાના કારને રાજય કક્ષા સુધી પણ પહોંચી શકવાની તકો રહેલી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કેશોદ બી.આર.સી. કો. ઓર્ડીનેટર નારણભાઈ ગલ અને તેમની સમગ્રટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

યુક્રેનમાં ફસાયેલા ભારતીયોના સગા માટે માટે હેલ્પલાઈન શરૂ કરાઈ : હેલ્પલાઈન નંબર-૦૭૯૨૩૨૫૧૯૦૦

જૂનાગઢ તા.૨૫

રશિયા અને યુક્રેન વચ્ચે વર્તમાન સ્થિતિ સંદર્ભે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત વતન પહોંચાડવા સરકાર પ્રયત્નો કરી રહી છે. તે માટે હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં યુક્રેનમાં ફસાયેલા ભારતીયો માટે ભારત અને ગુજરાત સરકાર દ્વારા ૦૭૯૨૩૨૫૧૯૦૦ હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવેલ છે. રશિયા અને યુક્રેન દેશો વચ્ચે યુદ્વની સ્થિતિને ધ્યાને રાખીને ભારતીયોને સુરક્ષિત વતન પહોંચાડવા માટે ભારત સરકારે ૨૪ કલાક હેલ્પલાઈન શરૂ કરી છે. દિલ્હી સ્થિત કંટ્રોલરૂમના નંબર્સ ૯૧૧૧૨૩૦૧૨૧૧૩, ૯૧૧૧૨૩૦૧૪૧૦૪, ૯૧૧૧૨૩૦૧૭૯૦૫, ૧૮૦૦૧૧૮૭૯૭ છે. સાથે જ situationroom@mea.gov.in ઉપર ઈ-મેઈલ કરી શકાશે. યુક્રેન સ્થિત ભારતીય દુતાવાસમાં મદદ માટે ૩૮૦૬૯૭૩૦૦૪૨૮, ૩૮૦૬૯૭૩૦૦૪૮૩ નંબર ઉપર ફોન તેમજ cons1.kyiv@mea.gov.in ઉપર મેઈલ કરી શકાશે.

ઉપરાંત ગુજરાત રાજય બિન નિવાસી ગુજરનત પ્રતિષ્ઠાન ગાંધીનગર ૦૭૯-૨૩૨-૫૧૩૧૨ અને ૦૭૯-૨૩૨-૫૧૩૧૯ ઉપર સંપર્ક સાધવા જૂનાગઢ જિલ્લા ડિઝાસ્ટર કંન્ટ્રોલરૂમ દ્વારા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

ગરીબ કલ્યાણ મેળાએ "ગરીબીમાં હવે નથી જ રહેવું" એવું સ્વાભિમાન અને નવી શક્તિ ગરીબોને આપી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

- ગરીબ કલ્યાણ મેળાનો ઉદ્દેશ માત્ર સરકારી સહાય આપવાનો નથી પ્રધાનમંત્રીની પ્રેરણાથી ગરીબ કલ્યાણ મેળા તો ગરીબોના સશક્તિકરણનું આ મહાઅભિયાન છે.
- સાચો રહી નજાય-ખોટો લઈ ન જાય તેવી પૂરતી તકેદારી સાથે ગરીબો-દરિદ્રનારાયણોને હાથોહાથ લાભ પહોંચાડી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સાકાર થશે.
- ગરીબ કલ્યાણ મેળા પ્રો-પુઅર ગર્વનન્સના અભ્યાસુઓ-સંશોધકો માટે સફળ કેસ સ્ટડી બન્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસની રાજનીતિના નવતર અભિગમથી ગરીબ-વંચિત-દરિદ્રનારાયણને વિકાસના લાભ પહોંચાડયા છે.

ગાંધીનગર તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરીબ કલ્યાણ મેળાના ૧૨માં તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ વનબંધુ વિસ્તાર દાહોદથી કરાવતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોમાં 'હવે ગરીબીમાં નથી જ રહેવું' એવું સ્વાભિમાન અને નવી શક્તિ આપ્યા છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ-દરિદ્રનારાયણને ગરીબીમાંથી બહાર લાવી આર્થિક સશક્તિકરણ માટે ૨૦૦૯-૧૦થી આ ગરીબ કલ્યાણ મેળાનો અભિનવ વિચાર આપેલો છે. તેમની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતમાં અત્યાર સુધીમાં ગરીબ કલ્યાણ મેળાઓના ૧૧ તબક્કા દ્વારા ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧ કરોડ ૪૭ લાખ દરિદ્રનારાયણ, જરૂરતમંદ લોકોને ૨૬ હજાર ૬૦૦ કરોડ ઉપરાંતના સહાય-લાભ હાથોહાથ પહોંચાડવામાં આવ્યા છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. દાહોદના ગરીબ કલ્યાણ મેળામાં ૬૮૫૦૦થી વધુ લાભાર્થીઓને અંદાજે ૩૮૦ કરોડના લાભ સહાય આ ૧૨માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળાથી આપવામાં આવ્યા છે. ભૂપેન્દ્ર પટેલે ગરીબ કલ્યાણ મેળા માત્ર સરકારી સહાય આપવાના ઉદ્દેશ્યથી નહિ પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીઘદ્રષ્ટિથી ગરીબોના સશક્તિકરણનું મહાઅભિયાન બન્યા છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં આ સશક્તિકરણ અભિયાન વધુ તેજ બનાવી ગરીબને આત્મનિર્ભર કરી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરીશું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ કોઈ ઉપર દયાદાન, ઉપકાર કે મદદનો ભાવ નહિ પણ, જેના હક્કનું છે તેને આપવાનો સેવાયજ્ઞ છે. સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય તેની પૂરતી તકેદારી સાથે ગરીબોને શોધી તેમને હાથોહાથ સહાય-લાભ પહોંચાડવા સમગ્ર તંત્ર પ્રેરિત થયું છે. ભૂપેન્દ્ર પટેલે ડંકાની ચોટ ઉપર કહ્યું કે, ગરીબોના નામે જેમણે વર્ષો સુધી રાજકીય રોટલા શેક્યા, ગરીબને વોટબેંકની રાજનીતિ જ બનાવી રાખ્યા. તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અપનાવેલી વિકાસની રાજનીતિની સમજ જ ના હોય. ગુજરાતમાં પાછલા અઢી દાયકાથી અને દેશભરમાં ૨૦૧૪થી વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ કર્યો છે. નરેન્દ્ર મોદીએ સાચા અર્થમાં ગરીબને સશક્ત કર્યો. જનધન યોજના, ગરીબ માતા બહેનો માટે ઉજ્જવલા યોજના, ગરીબોને આવાસની પ્રધાનમંત્રી આવાસ યોજના, વીમા સુરક્ષા યોજના અને આયુષ્યમાન ભારત યોજનાથી ગરીબને ગરીબી રેખાથી ઉપર ઉઠાવી સ્વમાનભેર જીવતો કર્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. ભૂતકાળના શાસકોએ આઝાદીના સાડા ૬ દાયકા સુધી ગરીબોને મતપેટીઓ ભરવાનું એક માધ્યમ જ રાખ્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગરીબ-વંચિતના ઉત્થાનનું અભિયાન ઉપાડ્યુ અને ગરીબ કલ્યાણ માટે કરોડોનું બજેટ ફાળવ્યું છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, પ્રધાનમંત્રીના દિશાદર્શનમાં શરૂ થયેલો આ ગરીબ-દરિદ્રનારાયણોના સશક્તિકરણનો સેવાયજ્ઞ-ગરીબ કલ્યાણ મેળા પ્રો-પુઅર ગર્વનન્સના અભ્યાસુ સંશોધકો માટે સફળ કેસ સ્ટડી બની ગયા છે. પંચાયત રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું કે, ભુખ્યા જનોન જઠરાગ્નિ ઠારવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત ગરીબ કલ્યાણ મેળાના ૧૨માં તબક્કામાં પણ ગરીબોના ઉત્થાનમાં મહત્વના સાબિત થશે. દાહોદ જિલ્લામાં પણ ગરીબોને રૂ.૩૮૦ કરોડથી વધુના લાભો આ ગરીબ કલ્યાણ મેળા થકી મળશે. તેમણે ઉમેર્યું કે, રોજગાર વિભાગ દ્વારા સુશાસન સપ્તાહ દરમ્યાન દાહોદના ૨૮૮ યુવાનોને રોજગારી મળી છે. જ્યારે જિલ્લામાં યોજાયેલા ૭૨ ભરતી મેળામાં ૧૦૦૦થી વધુ યુવાનોએ રોજગારી મેળવી છે. ઉપરાંત રાજ્યમાં પંચાયત વિભાગની ૧૯ કેડરમાં ૧૩ હજાર જગ્યાઓ ભરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની પણ તમામ જગ્યાઓ ભરવામાં આવી છે. દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ગરીબોના ઉત્થાન માટે સર્વાંગી કલ્યાણકારી પગલાં લેવાઈ રહ્યા છે. નાગરિકોને પડતી અગવડતા નિવારવા માટે તેમણે ૧૨૧ દિવસમાં ૨૦૦થી પણ વધુ નિર્ણય લઈ વહીવટી સરળતા ઉભી કરી છે. આવકના દાખલાની મુદત વધારવા, સોગંધનામામાંથી મુક્તિ સહિતની બાબતો તેના ઉદાહરણ છે. તેઓ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે સતત ચિંતિત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું વિવિધ સમાજ, સેવાભાવી સંસ્થાઓ, સંગઠનના હોદ્દેદારો દ્વારા સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસવીએ સૌનો આવકાર કરતાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા દાહોદનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ શહેરના સર્વાંગી વિકાસ માટે વિવિધ ૨૬ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. જે પૈકી રૂા.૧૮૭ કરોડના ખર્ચે આઠ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે. જ્યારે રૂા. ૪૭૪ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામો પ્રગતિ હેઠળ છે. જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે દંડક રમેશ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ, શૈલેષભાઈ ભાભોર, મુખ્ય સચિવ પંકજ કુમાર, પ્રભારી સચિવ રાજકુમાર બેનીવાલ, પરિક્ષેત્ર નાયબ પોલીસ મહા નિરીક્ષક એમ.એસ. ભરાડા, જિલ્લા પ્રમુખ શંકરભાઈ અમલિયાર, પ્રદેશ મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સહિત લાભાર્થીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

મૂલ્યનિષ્ઠાનાં ભેખધારી જૂની પેઢીનાં રાજકીય આગેવાન રત્નાબાપા ઠુંમરે જીંદગીનાં આખરી પડાવે સૈનિક વેલ્ફર ફંડમાં રૂા.૫૧ હજારની ધનરાશી ભેટ ધરી

નખશીખ પ્રમાણીક જાહેર જીવન જીવનાર રત્નાબાપા શતાયુપાર હોય જીવનની આખરી મનોકામનાં દેશનાં સૈનીકો પરત્વે દાખવી પોતાની અંગત બચતનું કર્યુ દાન : અગાઉ કોરોનાં પીડીતોની સહાયકાજે વડાપ્રધાન રીલીફ ફંડમાં અને શ્રી રામ જન્મભૂમિ નિર્માણનીધિમાં નીધી અર્પણ કરી ચુક્યા છે

બિલખા ગામની ગૌશાળા હોય કે ગરીબ વિધવા બહેનો અને તેના બાળકોનાં શિક્ષણ રાશનની બાબત હોય તેમાં હંમેશા પોતાથી થતી સહાય કરતા રહ્યા છે રત્નાબાપા : લાલ બહાદુર શાસ્ત્રીની દેશવાસીઓને એક ટંકનું ભોજન ન કરવાની અપીલને આજેય આત્મસાત કરીને ઝીલી છે

જૂનાગઢ તા.૨૫

સત્ય નિષ્ઠા અને મૂલ્યોને વરીને રાજનીતિમા પ્રેરણાદાયી જાહેરજીવન કરી ચૂકેલા સો વર્ષની ઉંમર પૂર્ણ કરનાર જૂનાગઢ જિલ્લાના રત્નાભાઈ ઠુંમરે જિંદગીના આખરી પડાવે પણ દાન કરવાનું ચૂક્યા નહીં તેમણે પોતાની અંગત બચત મૂડી રૂપિયા એકાવન હજાર સૈનિક કલ્યાણ વેલ્ફર ફંડમાં જમા કરાવી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, લશ્કરના જવાનો સરહદના સીમાડાઓ ઉપર જ્યારે પોતાના પરિવારને છોડીને રખોપા કરતા હોય ત્યારે એમના માટે આપણે બીજું શું કરી શકીએ આપણાથી થતી મદદ કરીએ તો પણ ઘણું છે. આવા રત્નાભાઈ ઠુંમર અગાઉ પણ કોરોનાની પ્રથમ લહેર વેળાએ વડાપ્રધાન રાહતની નિધી અને શ્રી રામ જન્મભૂમિ નિર્માણ કાર્યમાં પોતાનો યથાશક્તિ ફાળો નોંધાવ્યો હતો તે સૌકોઈ જાણીએ છીએ. અત્રે ઉલ્લેખનિય છે કે, રત્નાબાપા ઠુંમર પાંચમી વિધાનસભા ૧૯૭૫ થી ૧૯૮૦નાં સમય દરમ્યાન માળિયા(૪૧) બેઠકના જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે પેટાચૂંટણીમાં વિજેતા બનીને પ્રતિનીધીત્વ કરી ચુક્યા છે. જૂનાગઢ જિલ્લાના ઉમરાળા ગામે જન્મ્યા હતા. અડતાલીસ વર્ષની વયે ધારાસભ્ય થયા હતા. જન્મના એક અઠવાડિયા પહેલા જ તેમના પિતાનું અવસાન થયું એટલે રત્નાભાઈનો ઉછેર માતા જીવીબહેનના હાથે થયો હતો. આ કારણે તેઓ કોઈ જ પ્રકારનું અક્ષરજ્ઞાન-ભણતર મેળવી શક્યા ન હોતા. જોકે, કોઠાસુઝથી જીવનમાં ઘણી પ્રગતિ કરી હતી. ખેતી કરતા હતા તેમજ પશુપાલનના જાણકાર હતા. રાજકીય સક્રિયતાના પ્રારંભે કોંગ્રેસમાં હતા અને ૧૯૬૯માં કોંગ્રેસ પક્ષમાં ભાગલા થયા એ પછી સંસ્થા કોંગ્રેસના પક્ષે રહ્યા હતા. ધારાસભ્ય થયાએ અગાઉ દસ વર્ષ માટે ઉમરાળા ગ્રામ પંચાયતના સરપંચ રહ્યા હતા. પંદર વર્ષના સમય ગાળા માટે જૂનાગઢ તાલુકા પંચાયત અને જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય રહ્યા હતા. એ પછી પેટાચૂંટણી દ્વારા માત્ર એક જ મુદત માટે ધારાસભ્ય થયા હતા. ઘોડેસવારી જાણતા હતા. તેમના સમયમાં મતવિસ્તાર માળિયા-બિલખા, વિસાવદર-ભેસાણની આસપાસના રોડ-રસ્તા એટલા ખરાબ હતા કે વાહનમાં તો ઠીકપગે ચાલીને ફરવું પણ મુશ્કેલ હતું. આથી મતવિસ્તારના લોકોની મુલાકાત લઈ શકાય, તેમના પ્રશ્નો જાણી શકાય એ માટે ઘોડેસવારીની જાણકારી તેમને કામ લાગી હતી. પત્નીનું નામ ઉજ્જીબહેન તેમજ ચાર પુત્રો અને બે પુત્રીઓનો બહોળો પરિવાર. તેમના એક પાલકપુત્રી વજીબેનનું રત્નાભાઈની હયાતિમાં જ કોરોનાથી અવસાન થયું હતું. જૂનાગઢ જિલ્લાના બિલખા ગામે રેલવે સ્ટેશન સામે રહેઠાણ ધરાવતા હતા. માત્ર એક જ મુદત માટે ધારાસભ્ય પદે રહ્યા હતા. એ પછી પણ કોઈ ચૂંટણીમાં ઉમેદવારી ન હોતી કરી. ધારાસભ્ય પદ પછી તેઓ ભારતીય જનતા પક્ષની ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ સ્થાપના થઈ એ દિવસથી જ તેના સભ્ય થયા હતા. ભાજપના સભ્ય લેખે તેમને અવારનવાર ચૂંટણી ઉમેદવારી કરવા માટે આગ્રહ થતો હતો પરંતુ એમણે પક્ષને નવા જમાનાના ભણેલા, યુવાન ઉમેદવારોને પ્રાધાન્ય આપવાનો આગ્રહ રાખ્યો હતા. ભાજપના સંગઠનમાં તેઓ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં વખતો વખત હોદ્દા સાથે અને હોદ્દા વગર પણ સક્રિય રહ્યા હતા. જૂનાગઢના સૂર્યકાન્તભાઈ આચાર્ય, હેમાબહેન આચાર્ય અને નારસિંહભાઈ પઢિયાર, એડવોકેટ લાલવાણી તેમના રાજકીય સાથીદારો હતા પરંતુ સંબંધ પારિવારિક હતો. આ સમયગાળામાં જ ૧૯૮૫થી વર્ષ ૨૦૦૦ સુધી સંગઠનની, ચૂંટણી પ્રચારની જવાબદારી અંતર્ગત અમદાવાદથી સૌરાષ્ટ્રની મુલાકાતે અવાર-નવાર આવતા યુવાનના સંપર્કમાં રત્નાભાઈ ઠુંમર આવ્યા હતા. એ યુવાનનું નામ નરેન્દ્ર મોદી હતું. નરેન્દ્ર મોદી પણ તેમને ચૂંટણી લડવાનો આગ્રહ કરતા ત્યારે તેઓ કહેતા કે, "તો પછી, તમારા જેવા જુવાનિયાઓનો વારો ક્યારે આવશે ?" એક અર્થમાં નિરક્ષર પરંતુ આટલી રાજકીય અને વૈચારિક સ્પષ્ટતા ધરાવનાર રત્નાભાઈ ઠુંમરના પરિવાર સાથેનો નરેન્દ્રમોદીનો નાતો તેઓ મુખ્યમંત્રી અને પછી વડાપ્રધાન થયા ત્યાં સુધી યથાવત રહ્યો હતો. પારિવારિક સંબંધના ચાલીસ વર્ષ પછી રત્નાભાઈ મનજીભાઈ ઠુંમર અને નરેન્દ્ર મોદી ધારાસભ્ય પદના ચાલીસ વર્ષ પછી રત્નાભાઈ ઠુંમર એપ્રિલ ૨૦૨૦માં સમગ્ર દેશના સમાચાર માધ્યમોમાં સ્થાન પામ્યા હતા. એ સમયે વિશ્વભરમાં કોરોના વાયરસની કોવીડ-૧૯ મહામારી ફેલાઈ હતી. અને ભારતમાં માર્ચ ૨૦૨૦ના છેલ્લા અઠવાડિયાની ૨૨ તારીખથી દેશભરમાં લોકડાઉનનો અમલ શરૂ થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસની મહામારી-રોગચાળા સામે લડવા આર્થિક મદદની ટહેલ નાખતા 'PM CARES FUND' નામે નવા રાહત ફંડની સ્થાપનાની જાહેરાત કરી હતી. દેશવાસીઓને આ રાહત ફંડમાં ઉદાર હાથે નાણા જમા કરાવવાની વિનંતી અખબારી તેમજ ટીવી માધ્યમ દ્વારા કરાતી હતી. વડાપ્રધાનની આ જાહેરાતથી પ્રેરાઈને નવ્વાણુ વર્ષની ઉંમર પાર કરી ચૂકેલા રત્નાભાઈ મનજીભાઈ ઠુંમર ૧૭મી એપ્રિલ ૨૦૨૦ની સવારે હાથમાં ૫૧૦૦૦ રૂપિયાની રકમના ચેક સાથે જૂનાગઢ કલેક્ટર કચેરીમાં આવ્યા અને 'મુખ્યમંત્રી રાહતફંડ'માં આ રકમ જમા કરાવી હતી. ધારાસભ્ય તરીકે પગાર કે કોઈ ભથ્થાં ન લેનાર રત્નાભાઈએ તેમની અંગત બચત-મરણ મૂડીમાંથી આ રકમ ફાળા તરીકે આપી હતી. તેમના આ દાન-કર્મથી અત્યંત રાજી થયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ખબર-અંતર પૂછતો ફોન નવી દિલ્હીથી કર્યો ત્યારે સહુ કોઈ માટે આદરણીય એવા રત્નાબાપાએ કહ્યું કે, "દેશનું ભલું કરજો. ઉંમર-અવસ્થાને કારણે હું હવે બીજી કોઈ રીતે મદદરૂપ બની શકું એમ નથી. મારી મદદ સ્વીકારજો. હવે બરાબર સાંભળી નથી શકતો." આમ કહી તેમણે બાકીની વાતચીતનો દોર સંભાળવાનું પાસે બેઠેલા પુત્ર ધનજીભાઈને કહ્યું હતું. ધનજીભાઈ ઠુંમરે વડાપ્રધાનને રત્નાબાપા તેમજ પરિવાર વિષે વિગતો આપી હતી. આટલેથી જ સખાવતી વિચારોને વરેલા બુઝર્ગ રત્નાબાપાએ શ્રી રામ જન્મભૂમિ નિર્માણનીધિમાં પણ આર્થિક અનુદાન નોંધાવ્યું હતું. પોતાનાં ગામની શાળામાં અભ્યાસ કરતા આર્થિક નબળા પરીવારનાં બાળકોનાં અભ્યાસ ખર્ચ હોય કે ગરીબ વિધવાને આર્થિક સહયોગ હોય કે પછી ગામની ગૌ શાળામાં નીરણ-ચારો આપવાનો હોય આવા પરોપકારજનાં કાર્યો પોતે જાતે મહેનત કરી ખેતજણસ પેદા કરી તેમાંથી પોતાની માતાને યાદ કરીને આપતા હતા. અને સજળ નયને કહેતા હતા કે, મારા જન્મ પહેલા મારા પિતાનું દેહાવસાન થતાં વિધવા માનાં ખોળે અનેક મુશ્કેલીનો સમાનો કર્યો છે. ખેત મજુરી કરીજાત મહેનતથી જ્યારે કશું મળ્યું છે તે પરહીત કાજે વાપરીએ તેનાથી બીજું શું સુખ હોય. સૈનિક કલ્યાણ ફંડમાં ધનરાશી આપવા જામનગર લશ્કરનાં કમાન્ડર સંદિપ જયસ્વાલને વાત કરી તો તેઓએ આવા રાષ્ટ્રભક્ત અને મૂલ્યનિષ્ઠ વ્યક્તિવને મળીને પ્રત્યક્ષ સહાય રાશી સ્વીકારવાની વાત કરીએ અને તેઓએ રત્નાબાપાને મળીને તેમની પાસેથી રૂા.૫૧ હજારની ધનરાશી સ્વીકારી આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે, રાષ્ટ્રસેવા માટે સેનાનાં જવાનો સરહદ ઉપર રખોપા કરતા હોય છે ત્યારે તેમનાં પરીવારોનાં કલ્યાણ માટે રત્નાબાપાનાં વિચારોને વંદન કરૂ છે. આજે જીવન લીલાનાં આખરી પડાવે પણ તેઓએ સેનાનાં જવાનોને યાદ કરી તેમની લાગણી વ્યક્ત કરી એ જ વંદનીય છે. અત્રે ઉલ્લેખનિય છે કે, "૧૯૬૫ના યુદ્ધ દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપતિ લિંડન જોન્સને તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને ધમકી આપી હતી કે, જો તેમણે પાકિસ્તાન સાથેનું યુદ્ધ બંધ કર્યું તો અમે આપને પી.એલ. ૪૮૦ અંતર્ગત જે લાલ ઘઉં મોકલીએ છીએ, તે અટકાવી દઈશું." તેસમયે ભારત ઘઉં ઉત્પાદનમાં આત્મનિર્ભર નહોતું. શાસ્ત્રીને આ વાત ઘણી લાગી આવી, કારણ કે, તેઓ ઘણા સ્વાભિમાની હતા. તેમણે દેશવાસીઓને કહ્યું કે, આપણે એક અઠવાડિયા સુધી એક ટંકનું ભોજન નહીં કરીએ. આવું કરવાથી અમેરિકાથી આવનાર ઘઉંની ખોટ પુરાઈ જશે. લાલબહાદુર શાસ્ત્રીને કહ્યું કે, હું દેશવાસીઓને એક ટંકનું ભોજન ન કરવાની અપીલ કરવા જઈ રહ્યો છું." બસ આ અપીલને આજેય રત્નાબાપાનો પરિવાર ટકાવી રાખ્યો છે અને આજેય અઠવાડીયે એક ટંક આ ઘરમાં ભોજન બનતું નથી.

તંત્રી લેખ

કોરોનાનું સંકટ ઘટતા હવે પ્રતિબંધો હળવા કરવાનો સમય

દિવસે-દિવસે કોરોના સંક્રમણમાં બહુ ઝડપથી ઘટાડો થતો જોવા મળી રહ્યો છે અને સક્રિય કેસોમાં પણ ઘટાડો નોંધાવાની સાથે જ પોઝિટિવિટી રેટ પણ ઘટી રહ્યો છે. એવામાં સરકારોએ પ્રતિબંધોમાં ઢીલ આપવા ઉપર વિચાર કરવો જોઈએ. કમ સે કમ એ પ્રતિબંધો તો હટાવી જ લેવા જોઈએ, જે આર્થિક-વેપારી ગતિવિધિઓને સંચાલિત કરવા અથવા આવાગમનમાં અડચણરૂપ બની રહ્યા છે. કેટલાક રાજયોએ જોકે રાત્રિના કરફ્યૂમાંથી મુક્તિ મેળવી લીધી છે, ત્યાં જ કેટલાક હજુ પણ તે ચાલુ રાખી રહ્યા છે. આ બધું ત્યારે છે જ્યારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને બહુ પહેલાં જ કહી દીધું હતું કે કોરોના સંક્રમણને રોકવામાં રાત્રિ કરફ્યૂ બિલકુલ પણ કારગત નથી. જેવી રીતે દેશના કેટલાક હિસ્સામાં રાત્રિનો કરફ્યૂ ચાલુ છે, ત્યાં જ કેટલીય જગ્યો મોલ, હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેમાં હજુ પણ ૫૦ ટકા લોકોને જ આવવાની અનુમતિ છે. એ સાચું છે કે, વધુ ભીડભાડવાળા સ્થળો ઉપર માસ્કની જરૂર છે, પરંતુ બીજે ક્યાંય તેની આવશ્યકતા નથી દેખાતી. તેમ છતાં હજુ પણ કેટલાંક સ્થળોએ માસ્ક નહિ પહેરનારા લોકો પાસેથી દંડ વસૂલવામાં આવી રહ્યો છે. આ નિયમને કારણે તે પોલીસવાળા માટે 'સાઈડ ઈન્કમ'નો રસ્તો બની ગયો છે અને લોકોની ખિન્નતા વધારવાનું પણ કામ કરી રહ્યો છે. એ પણ વિચિત્ર છે કે, કેટલીક શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓ પાસે કોરોના મુક્ત હોવાનું પ્રમાણપત્ર માંગી રહી છે. આ બધું બંધ થવું જોઈએ અને ધ્યાન એના ઉપર કેન્દ્રિત કરવું જોઈએ કે કોરોના પહેલાંના દોરમાં કેવી રીતે પાછું ફરવું. નિઃસંદેહ તેનો મતલબ એ નથી કે આમ જનતાને એવો કોઈ સંદેશ આપવામાં આવે કે સંક્રમણથી બચી રહેવા માટે જરૂરી સતર્કતા છોડી દેવી, પરંતુ એટલું તો છે જ કે બિનજરૂરી પ્રતિબંધોથી વહેલી તકે છૂટકારો મેળવી લેવામાં આવે. એ સમજવું જોઈએ કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૮ જાન્યુઆરીએ જ્યારે એક મહિના માટે કોરોના સંબંધી દિશાનિર્દેશ વધારવાના આદેશ જારી કર્યા હતા, ત્યારે પરિસ્થિતિઓ અલગ હતી અને આજે અલગ છે. બદલાયેલી પરિસ્થિતિઓની નોંધ લેવામાં વિલંબ કરવાનો કોઈ મતલબ નથી. આ મામલે આપણે બીજા દેશો પાસેથી બોધ લેવો જોઈએ. એટલા માટે કે હવે ભારતમાં સંક્રમણની ચોથી લહેર આવવાની આશંકા બેહદ ઓછી છે. સ્વાસ્થ્ય વિશેષજ્ઞો એમ કહી રહ્યા છે કે જો ચોથી લહેર આવશે તો પણ મામૂલી અસર રહેશે. એ ઠીક નથી કે આપણે કોરોના સંક્રમણને રોકવા માટે પ્રતિબંધ લાગુ કરવામાં જેટલી તત્પરતા દેખાડે છે, એટલી તેને હટાવવામાં નહીં. વાસ્તવમાં હવે તો ભાર એના ઉપર મૂકવો જોઈએ કે રસીકરણની ઝડપ કેવી રીતે વધારવામાં આવે. કિશોરોના રસીકરણને ઝડપ આપવાની જરૂર છે, બલ્કે વયસ્કોના રસીકરણને પણ વેગવંતુ બનાવવું જોઈએ. એમ પણ પૂરતી માત્રામાં રસી ઉપલબ્ધ છે જ, તો રસીકરણ અભિયાનમાં ઝડપ લાવવા વિવિધ ઉપાયો અજમાવવા જોઈએ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

માનવ શરીરને વિષયસુખોમાં વેડફી નાખશો નહીં.

-પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.મેહેર-૧૩૯૧, મુ. રજબ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, મહા વદ-૯ અન્વષ્ટકા શ્રાધ્ધ, શ્રી રામદાસ નવમી તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૩, જયેષ્ઠા નક્ષત્ર, વજ્ર યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૫૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), બપોરે ૧૨:૦૭ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃષભ :	મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.
મિથુન :	નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સાંભાળવું.
કર્ક :	કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
સિંહ :	ખર્ચ ઉપર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
કન્યા :	મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સાંભાળવું.
તુલા :	અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.
વૃશ્ચિક :	અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.
ધન :	કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
મકર :	સફળતા માટે મહેનતા કરવી પડે. નવિના ખરીદી થાય.
કુંભ :	મિલ્કત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.
મીન :	પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

ઓફલાઈન પરીક્ષા રદ કરવા ઉપર સુપ્રિમનું કડક વલણ

તમામ રાજ્યની બોર્ડની પરીક્ષાઓ ઓફલાઈન જ યોજાશે : સુપ્રિમકોર્ટ

સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ થઈ રહી તેમાં સેન્ટ્રલ અને સ્ટેટ બોર્ડના તમામ ઓફલાઈન બોર્ડ પરીક્ષા રદ કરવાની માંગણી કરવામાં આવી હતી

નવી દિલ્હી તા.૨૫

ધોરણ ૧૦ અને ૧૨ની ઓફલાઈન પરીક્ષાઓ રદ કરવાની માંગણી કરતી પિટિશન સુપ્રીમકોર્ટે ફગાવી દીધી છે.કોર્ટે આમામલામાં મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે, આ પ્રકારની પિટિશન વિદ્યાર્થીઓને ખોટુ આશ્વાસન આપતી હોય છે. સુપ્રીમ કોર્ટે જે પ્રકારનું વલણ અપનાવ્યું છે તે જોતા આ વખતે તમામ બોર્ડ પરીક્ષાઓ ઓફલાઈન થશેતે નક્કી થઈ ગયું છે. જોકે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય જે તે રાજયના બોર્ડે કરવાનો છે. સુપ્રીમ કોર્ટમાં જે પિટિશન દાખલ થઈ રહી તેમાં સેન્ટ્રલ અને સ્ટેટ બોર્ડની તમામ ઓફલાઈન બોર્ડ પરીક્ષા રદ કરવાની માંગણી કરવામાંઆવી હતી.જેના ઉપર ત્રણ જજોની બેન્ચે સુનાવણી કરી હતી. અરજમાં કહેવાયું હતું કે, સેન્ટ્રલ બોર્ડ દ્વારા તો પહેલી ટર્મની પરીક્ષાના પરિણામની તારીખ પણ જાહેર કરાઈ નથી. જેના ઉપર કોર્ટે ટકોર કરી રહી હતી કે, કાર્યવાહી ચાલુ છે અને મૂલ્યાંકન પુરૂં થવા દો. તમે વગર સુનાવણીએ જજમેન્ટ આપી દેવા જેવી વાત કરી રહ્યા છો. કોર્ટે પિટિશન કરનારને દંડ ફટકારવાની પણ ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, હાલમાં એવી કોઈ સ્થિતિ નથી કે ઓફલાઈન પરીક્ષા રદ કરવી પડે. રાજ્ય સરકાર હેઠળના બોર્ડ, સીબીએસઈ અને આઈસીએસઈની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ઓનલાઈન યોજવા માટે સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવેલ અરજી નામંજૂર કરવામાં આવ્યો છે. બુધવારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ અરજીને સુપ્રિમે ફગાવી છે. જસ્ટિસ એએમખાનવિલકરે જણાવ્યુંહતું કે આ અરજી પ્રી-મેચ્યોર અને અયોગ્ય હતી કારણ કે હજી સત્તાધીશોએ પરીક્ષા માટેના નિયમો અનેતારીખો અંગેનિર્ણય લેવાનો બાકી છે. કોર્ટે અરજીને ફગાવતા કડક શબ્દોમાં કહ્યું કે આ પ્રકારની અરજીઓ દાખલ કરવામાં આવી રહી છે ? તમે આવી અરજીઓ કેવી રીતે ફાઈલ કરવાનું ચાલુ રાખી શકો છો ? આ પ્રકારની અરજીઓ માત્ર વિદ્યાર્થીઓને મૂંઝવણમાં મૂકે છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ભવિષ્યમાં આવી અરજીઓ દાખલ કરવામાં આવે તો તે અરજદારને પેનલ્ટી ચૂકવવી પડશે અને તમામ ખર્ચ તેમના ઉપર લાદવામાં આવશે. અરજદારોએ વિવિધ રાજય બોર્ડ, સેન્ટ્રલ બ્યુરો ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) અને ઈન્ડિયન સર્ટિફિકેર્ટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (આઈસીએસઈ) દ્વારા પ્રસ્તાવિત શારીરિક પરીક્ષા યોજવાને બદલે ધોરણ ૧૦ અને ૧૨ની આગામી બોર્ડ પરીક્ષાઓ માટેવૈકલ્પિક મૂલ્યાંકન પદ્ધતિની માંગ કરી છે. ચાઈલ્ડ રાઈટ્સ એક્ટિવિસ્ટ અનુભા શ્રીવાસ્તવ સહાય અને ઓડિશાના સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા અરજી દાખલ કરનારા વિદ્યાર્થીઓએ પણ સમયસર પરિણામો જાહેર કરવા માટે તમામ બોર્ડને નિર્દેશ આપવા અને વિવિધ પડકારોનો સામનો કરવાને કારણે પરીક્ષામાં સુધારો કરવા માટેના વિકલ્પ માટે અરજી કરી હતી. જોકે મધ્યપ્રદેશ રાજ્યમાં બોર્ડની પરીક્ષાઓ તો શરૂ પણ થઈ છે.

ગુજરાતમાં છેલ્લા ૧૪ વર્ષમાં રૂપિયા ૬,૦૦૦ કરોડનું કોલસા કૌભાંડ : કોંગ્રેસ

અમદાવાદ તા.૨૫

કોંગ્રેસપક્ષે આક્ષેપ કર્યો હતો કે, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટેનો કોલસો અન્ય રાજ્યોના ઉદ્યોગોને વેચવામાં આવ્યો હતો અને આ રીતે ગુજરાતમાં રૂા.૬,૦૦૦ કરોડનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કોંગ્રેસે સમયબદ્ધ રીતે તેની તપાસની માંગ કરી હતી. કોંગ્રેસે સવાલો ઊભા કર્યા હતા કે, શું તે માત્ર સંયોગ હતો કે, ત્રણ મુખ્યમંત્રીઓ - નરેન્દ્ર મોદી (૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી) જેઓ ડિસેમ્બર ૨૦૦૭થી ડિસેમ્બર ૨૦૧૨ સુધી ઉદ્યોગ, ખાણ અને ખનીજ વિભાગનો હવાલો સંભાળતા હતા), વિજય રૂપાણી (ઓગસ્ટ ૨૦૧૬ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી) અને ભૂપેન્દ્ર પટેલ (સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી) આ લોકોએ પણ ઉદ્યોગ, ખાણ અને ખનીજ વિભાગનો હવાલો પોતાની પાસે રાખ્યો હતો. એક પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેસના પ્રવકતા ગૌરવ વલ્લભે જણાવ્યું હતું કે, "કોલ ઈન્ડિયાની ખાણોમાંથી કાઢવામાં આવેલો કોલસો તે ઉદ્યોગો સુધી પહોંચ્યો નથી જેના માટે તેને કાઢવામાં આવ્યો હતો. છેલ્લા ૧૪ વર્ષમાં કોલ ઈન્ડિયાની ખાણોમાંથી ૬૦ લાખ ટન કોલસો ગુજરાતના વેપારીઓ અને નાના ઉદ્યોગોના નામેમોકલવામાંઆવ્યો છે.તેની સરેરાશકિંમત રૂા.૧,૮૦૦કરોડ પ્રતિ ટન લેખે રૂા.૩,૦૦૦ છે, પરંતુ તેને વેચવાને બદલે વેપારીઓ અને ઉદ્યોગોને અને અન્ય રાજ્યોમાં રૂા.૮,૦૦૦ થી રૂા.૧૦,૦૦૦ ટનના ભાવે વેચવામાં આવે છે. કોંગ્રેસે કહ્યું છે કે, યુપીએ સરકારે ૨૦૦૭ માં દેશભરના નાના ઉદ્યોગોનેપોસાય તેવા દરે સારી ગુણવત્તાનો કોલસો આપવા માટે એક નીતિ બનાવી હતી. આ નીતિ હેઠળ ગુજરાતના લઘુઅનેમધ્યમ ઉદ્યોગોમાટે કોલ ઈન્ડિયાના વેસ્ટ કોલ ફિલ્ડ અને સાઉથ-ઈસ્ટ કોલ ફિલ્ડમાંથી દર મહિને કોલસો કાઢવામાં આવતો હતો. ગોવિંદ વલ્લભે કહ્યું કે, "ગુજરાત સરકારે કોલસાના લાભાર્થી ઉદ્યોગોની યાદી, કોલસાનો જરૂરી જથ્થો, કોલ ઈન્ડિયાને કઈ એજન્સી પાસેથી કોલસો મોકલવામાં આવશે સહિતની તમામ માહિતી મોકલવાની હતી. આ સાથે ગુજરાત સરકારે સ્ટેટ નોમિનેટેડ એજન્સી (એસએનએ)ની યાદી પણ મોકલવાની હતી. જી દ્વછનો અર્થ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ એજન્સી છે, જે કોલ ઈન્ડિયામાંથી રાજયના લાભાર્થીઓ, નાના પાયાના ઉદ્યોગો, નાના વેપારીઓ સુધી કોલસો લેવા માટે અધિકૃત હોય છે. ગુજરાત સરકાર દ્વારા કોલ ઈન્ડિયાને મોકલવામાં આવેલી માહિતી ખોટી હોવાનું બહાર આવ્યું છે. આ દસ્તાવેજોમાં કોલ ઈન્ડિયામાંથી જે ઉદ્યોગોના નામે કોલસો કાઢવામાં આવ્યો હતો, તે ઉદ્યોગો સુધી તે પહોંચ્યો જ ન હતો. ગુજરાતના લાભાર્થી ઉદ્યોગોના નામે એજન્સીઓ દર વર્ષે કોલ ઈન્ડિયા પાસેથી કોલસો ખરીદે છે, પરંતુ એજન્સીઓ તે લાભાર્થીઓને આપવાને બદલે ખુલ્લા બજારમાં ઊંચા ભાવે કોલસો વેચીને કરોડો રૂપિયાની કમાણી કરે છે. સંભવ છે કે, એજન્સીઓએ કોલસાની આ રમત માટે બનાવટી બિલો અને આવકવેરા, વેચાણવેરા અને જીએસટીની ચોરી કરી છે.

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતા રાજકીય પક્ષોની ગતિવિધિ બની તેજ

ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવા રાહુલ ગાંધી તા.૨૬ ફેબ્રુઆરીએ રાજયની મુલાકાતે

દ્વારકામાં ચિંતન શિબિરમાં હાજર રહી રાહુલ ગાંધી કરશે શંખનાદ ?

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ વર્ષાન્તે યોજાનાર છે, ત્યારે રાજકીય પક્ષોએ ચૂંટણીલક્ષી ગતિવિધિઓ તેજ કરી દીધી છે. જે સંદર્ભે હવે રાજ્યમાં ઘણાં સમય બાદ કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધી આવી રહ્યા છે અને તેઓ દ્વારકાથી ચૂંટણીનો શંખનાદ ફૂંકશે તેમ જાણવા મળે છે, જોકે તેવો ચિંતન શિબિરમાં આવી રહ્યાહોવાનુંજાહેર થયું છે. રાહુલ ગાંધીના આગમનને લઈને સ્થાનિક આગેવાનો, કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આગામી સમયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે, ત્યારે રાજકીય પક્ષોએ ગતિવિધિને વેગવાન બનાવી દીધી છે. બીજી તરફ કોંગ્રેસ પણ આ વખતે કોઈ કચાશ રાખવા માંગતી ન હોય તેથી ખૂબજ આગોતરું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે. દ્વારકા ખાતે તા. ૨૫, ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી એમ ત્રણ દિવસની ચિંતન શિબિરનું કોંગ્રેસ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.જેમાં છેલ્લા દિવસે કોંગ્રેસના યુવા રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી હાજરી આપનાર છે. તેમના આગમનને ધ્યાને લઈ જામનગર અને દ્વારકા જિલ્લા કોંગ્રેસ આગેવાનો દ્વારા બેઠકનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યોછે. તાજેતરમાંજામનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં મિટિંગ યોજાઈ હતી. જેના અનુસંધાને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશઠાકોર દ્વારકામાં આવ્યા હતા. તેઓએ સ્થિતિની સમીક્ષા કરીહતી. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી સંભવતઃ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી દ્વારકામાં રોકાણ કરનાર છે. જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જીવણ કુંભારવડિયા, ધારાસભ્ય વિક્રમ માડમ અને ચિરાગ કાલરિયા, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, વિપક્ષના નેતા આનંદ રાઠોડ, પૂર્વ નેતા અલ્તાફ ખફી, દ્વારકા શહેર-જિલ્લાના કોંગ્રેસના આગેવાનો આ માટે ભારે જહેમત ઊઠાવી રહ્યા છે.

જાતીય શોષણનો ભોગ બનેલાની મદદ કરવા સૂચના

પોલીસ સ્ટેશનોમાં વકીલની પેનલ રાખવા હાઈકોર્ટનો આદેશ

૨૭ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોની અવગણના કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવતા હાઈકોર્ટે આદેશ આપ્યા

અમદાવાદ, તા.૨૫

ગુજરાત હાઈકોર્ટે ડિરેક્ટર જનરલ ઓફ પોલીસને (ડીજીપી) રાજ્યભરના તમામ પોલીસ સ્ટેશનોમાં જાતીય શોષણનો ભોગ બનેલા લોકોની મદદ કરવા માટે વકીલની પેનલ હોય તેની ખાતરી કરવાનો આદેશ આપ્યો છે. ૨૭ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોની અવગણના કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવતા હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે, રેપ પીડિતોને ગુનાહિત કાર્યવાહીની શરૂઆતથી જ કાયદાકીય પ્રતિનિધિત્વ મળે તેની ખાતરી કરવા માટે તેનો હસ્તક્ષેપ જરૂરી છે. હાઈકોર્ટે ૧૭મી જાન્યુઆરીના રોજ, અપહરણ અને જાતીષા શોષણનો ભોગ બનેલી છોકરીના પરિવાર દ્વારા કરવામાં આવેલી હેબિયસકોર્પસ ઉપર સુનાવણી કરી હતી. જ્યારે છોકરીનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું ત્યારે તે ગર્ભવતી હોવાની જાણ થઈ હતી. પીડિત અને તેના પરિવારથી મંજૂરી મળ્યા બાદ, હાઈકોર્ટે ગર્ભપાત કરાવવાનો આદેશ આપ્યો હતો. જ્યારે કોર્ટે પીડિતાને આપવામાંઆવેલી કાયદાકીય સહાય વિષે પૂછવામાં આવ્યું ત્યારે તપાસ અધિકારી આવા કોઈ પણ પગલા વિષે અજાણ હોવાનું જાણવા મળ્યું હતું. જસ્ટિસ સોનિયા ગોકાણી અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠે પોલીસ અધિકારીઓને સુપ્રીમ કોર્ટના ૧૯૯૫ના આદેશ વિષે પૂછ્યું હતું, જેમાં દરેક પોલીસ સ્ટેશનમાં જાતીય ગુનાનો ભોગ બનેલ પીડિત માટે વકીલની એક પેનલ બનાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પીડિતાના હિતોનું ધ્યાન રાખનારા તે જ વ્યક્તિના કેસના અંત સુધી તેનું પ્રતિનિધિત્વ કરે તેની ખાતરી કરીને સતત સહાય સુરક્ષિત કરવા માટે આ વ્યવસ્થાની પરિકલ્પના કરવામાં આવીહતી. પોલીસ અધિકારી સુપ્રીમ કોર્ટના આદેશોથી અજાણ હોવાથી, હાઈકોર્ટેકહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશનું 'ઘણીવાર ઉલ્લંઘન કરવામાં આવે છે.' કોર્ટે કહ્યું હતું કે, 'પોલીસ સ્ટેશનોમાં પેનલમાં સામેલ વકીલોની કોઈ સૂચિ નથી.' કોર્ટે ઉમેર્યું હતું કે, 'તેથી, ૧૯૯૫માં જાહેર કરાયેલા આદેશોના અમલ માટે, રાજ્યના દરેક પોલીસ સ્ટેશનને જણાવવા જરૂરી પરિપત્ર/આદેશ/સૂચના બહાર પાડવાના હેતુસર ડીજીપીનું ધ્યાન દોરીને સહજતા દાખવવી પણ જરૂરી છે.' કેવી રીતે સર્વોચ્ચ અદાલતના આદેશોનું પાલન કરવામાં આવ્યું છે, તે દર્શાવવા માટે હાઈકોર્ટે ડીજીપીને છ અઠવાડિયામાં એફિડેવિટ દાખલ કરવા જણાવ્યું છે.

અમેરિકામાં ઓમિક્રોનનો વધુ ચેપી વર્ઝન ફેલાયો : અહેવાલ

(એજન્સી) તા.૨૫

મીડિયાના અહેવાલો અનુસાર ઓમિક્રોનનો વધુ એક ચેપી વર્ઝન અમેરિકામાં ફેલાઈ રહ્યો છે. તેના કારણે હવે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો હવે ફરી સામાન્ય દોરમાં વાપસી કરી શકશે કે નહીં તે અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. આ વાઈરસને બી.એ.૨ નામ અપાયું છે.તે ઓમિક્રોનનો વધુ ચેપી વર્ઝન છે અને તે ૩૦ ટકા જેટલું વધુ ઝડપે ફેલાય છે. આ માહિતી નેશનલ પબ્લિક રેડીયોએ એક જાણીતી મીડિયા એજન્સીને આપી હતી. દક્ષિણ આફ્રિકામાં મળી આવેલા ઓમિક્રોન વેરિયન્ટનો જ આ વધુ એક સ્વરૂપ છે અને હવે તે ડેનમાર્કમાં પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે. હવે વિજ્ઞાનીઓએ અમેરિકામાંપણ આવી જ હાલત થવાની ચેતવણી આપી છે. તેઓએ ઝડપથી ફેલાતા આ વેરિયન્ટને લીધે ચિંતિત જણાઈ રહ્યા છે. બુધવારે સવારે અમેરિકામાં કોરોનાના આંકડા ચોંકાવનારા જોવા મળ્યા હતા. વિશ્વમાં સૌથી વધુ કેસ અમેરિકામાં ૭૮,૬૪૨,૩૮૫ નોંધાયા છે જ્યારે મૃત્યુનો આંકડો પણ અહીં ૯,૩૮,૯૩૮ને આંબી ચૂક્યો છે. જોન હોપકિન્સ યુનિવર્સિટીસ આ માહિતી આપી હતી.

પંજાબમાં કોંગ્રેસને હારનો ડર ? પક્ષનો આંતરિક અભ્યાસ કહે છે કે,AAP, SADને કારણે રાજ્યમાં મોટું નુકસાન થશે

નવી દિલ્હી,તા.૨૫

કોંગ્રેસ પક્ષના આંતરિક મૂલ્યાંકન મુજબ એવું લાગે છે કે માત્ર આમ આદમી પાર્ટી જ નહીં પરંતુશિરોમણી અકાલી દળ પણ પંજાબમાં વર્તમાન ચૂંટણીમાં કોંગ્રેસના નસીબને સમાન રીતે નુકસાન પહોંચાડી રહી છે અને જીઝના મતો, જે આ પક્ષને ચરણજીતસિંહ ચન્નીને સીએમ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા એપછી એકીકૃત કરવાની અપેક્ષા હતી, તે ત્રણ પક્ષોમાં વિભાજિત થઈ ગયા છે. પક્ષની આકારણી દર્શાવે છે કે સરહદી રાજ્યના માઝા, દોઆબા અને માલવા આ ત્રણેય પ્રદેશોમાં પાર્ટીને ખરાબ અસર થઈ રહી છે. વિશ્લેષણ અનુસાર, SAD તેના પરંપરાગત મતો મેળવવામાં સફળ થઈ રહી છે. કોંગ્રેસપક્ષના સૂત્રોએ જણાવ્યું હતું કે, એવી ધારણા હતી કે ખેડૂતોનું આંદોલન SADને સૌથી વધુ અસર કરશે પરંતુ એવું થયું નથી અને પાર્ટીએ તેનું ખોવાયેલું સ્થાન પાછું મેળવ્યું છે. જો SAD સારૂ પ્રદર્શન કરે છે, તો તે કોંગ્રેસ માટે મુશ્કેલી લાવી શકે છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે AAPઆ રાજ્યમાં એક મોટો પડકાર ઊભો કરી રહી છેઅનેતે માઝા પ્રદેશમાં શાસક પક્ષને પણ ફટકો આપશે જ્યાં કોંગ્રેસે ૨૦૧૭માં ૨૫માંથી ૨૨ બેઠકો જીતી હતી જ્યારે AAP તેનું ખાતું પણ ખોલી શકી ન હતી. આ મૂલ્યાંકન દર્શાવે છે કે રાજ્યમાં પ્રથમ દલિત મુખ્યમંત્રી તરીકે ચરણજીતસિંહ ચન્નીની નિમણૂકથી કોંગ્રેસને કેટલીક અનામત બેઠકો ઉપર મત એકત્ર કરવામાં મદદ મળી હતી પરંતુ રાજ્યમાં ૩૦ ટકાથી વધુ દલિત મતો SAD-BSP ગઠબંધન અને આમ આદમી પાર્ટીવચ્ચે વિભાજિત થયા હતા. કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું કે, એમાં કોઈ શંકા નથી કે સત્તા વિરોધી લહેર હતી પરંતુ પક્ષમાં અંદરોઅંદરની લડાઈએ તેની તકોને અસર કરી છે. લોકો આ વખતે AAPનેતક આપવાનું વિચારી રહ્યા છે અને આનાથી તેમને એક તક મળી છે. લોકોનું SAD માટે પણ મૌન સમર્થન હતું. દરમ્યાન પંજાબમાં લગભગ ૭૨ ટકા મતદાન નોંધાયું હતું જ્યાં રવિવારે ૧૧૭ વિધાનસભા બેઠકો માટે મતદાન થયું હતું. સોમવારે સાંજે પંજાબના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા શેર કરાયેલ ડેટા અનુસાર, રાજ્યમાં અંતિમ મતદાન ૭૧.૯૫ ટકા રહ્યું હતું. અગાઉની ત્રણ વિધાનસભા ચૂંટણીઓમાં જોવા મળેલા મતદાનની સરખામણીમાં આ સૌથી ઓછી મતદાનટકાવારી છે.૨૦૧૭ની પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૭૭.૪૦ હતી. ૨૦૦૭ અને ૨૦૧૨માં ટકાવારી અનુક્રમે ૭૫.૪૫ અને ૭૮.૨૦ હતી. ૨૦૦૨ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૬૫.૧૪ હતી. પંજાબના સીઈઓના કાર્યાલયને મતદાનનો અંતિમ આંકડો જાહેર કરવામાં રવિવારે સાંજે ૬ વાગ્યે મતદાન સમાપ્ત થયા પછી ૨૪ કલાકથી વધુ સમય લાગ્યો હતો. સીઈઓ એસ કરૂણા રાજુએ જણાવ્યું હતું કે કુલ ૨,૧૪,૯૯,૮૦૪ મતદારોમાંથી ૧,૫૪,૬૯,૬૧૮ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમાં ૮૧,૩૩,૯૩૦ પુરૂષ મતદારો અને ૭૩,૩૫,૪૦૬ મહિલા મતદારો હતા જ્યારે ૨૮૨ ટ્રાન્સજેન્ડર હતા. મતદાન કરાયેલ EVMSને રાજ્યમાં ૬૬ સ્થળોએ ૧૧૭ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, ત્રણ સ્તરીય સુરક્ષા તૈનાર્શ કરવામાં આવી છે અને સુરક્ષા દળો ચોવીસ કલાક કડક તકેદારી રાખી રહ્યા છે. ૧૧૭ વિધાનસભા મતવિસ્તારોમાં, મુક્તસર જિલ્લાના ગિદ્દરબાહામાં સૌથી વધુ ૮૪.૯૩ ટકા મતદાન નોંધાયું હતું, ત્યારબાદ તલવંડીસાબોમાં ૮૩.૭૦ ટકા અને સાદુલગઢમાં ૮૩.૬૪ ટકા મતદાન થયું હતું. અમૃતસર પશ્ચિમમાં સૌથી ઓછી ટકાવારી ૫૫.૪૦ ટકા, લુધિયાણા દક્ષિણમાં ૫૯.૦૪ ટકા અને અમૃતસર મધ્યમાં ૫૯.૧૯ ટકા મતદાન થયું છે. ચમકૌર સાહિબ મતવિસ્તાર જ્યાંથી મુખ્ય પ્રધાન ચરણજીતસિંહ ચન્ની ફરીથી ચૂંટણી લડવા માંગે છે ત્યાં ૭૪.૫૨ ટકા મતદાન નોંધાયું હતું જ્યારે ભદૌર જ્યાંથી પણ તેઓ મેદાનમાં હતા ત્યાં ૭૮.૯૦ ટકા મતદાન નોંધાયું હતું. અમૃતસર પૂર્વ મતવિસ્તાર જ્યાંથી પંજાબ કોંગ્રેસના વડા નવજોતસિંહ સિદ્ધુ અને SAD નેતા બિક્રમસિંહ મજીઠિયા ચૂંટણી લડી રહ્યા હતા, ત્યાં ૬૪.૦૫ ટકા મતદાન નોંધાયું હતું, જે રાજ્યની સરેરાશ ટકાવારી કરતાં ઘણું ઓછું હતું. ધુરી જ્યાંથી AAPના મુખ્ય પ્રધાનપદનો ચહેરો ભગવંત માન પોતાનું નસીબ અજમાવી રહ્યા હતા ત્યાં ૭૭.૩૭ ટકા મતદાન નોંધાયું હતું. જ્યાંથી ૯૪ વર્ષીય ભૂતપૂર્વ મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલ ચૂંટણી લડી રહ્યા હતા, ત્યાં ૮૧.૩૫ ટકા મતદાન નોંધાયું હતું. પટિયાલા વિધાનસભામતવિસ્તાર જ્યાંથી ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અમરિન્દરસિંહ ચૂંટણી લડતા હતા, ત્યાં ૬૩.૫૮ ટકા મતદાન નોંધાયું હતું. જલાલાબાદમાં, જ્યાંથી SAD ચીફ સુખબીર સિંહ બાદલ મેદાનમાં હતા, ત્યાં ૮૦ ટકા મતદાન થયું હતું. લેહરામાં જ્યાંથી ભૂતપૂર્વ મુખ્યપ્રધાન રાજિન્દર કૌર ભટ્ટલ લડી રહ્યા હતા ત્યાં ૭૯.૬૦ ટકા મતદાન નોંધાયું હતું જ્યારે પઠાણકોટ જ્યાંથી પંજાબ ભાજપના વડા અશ્વની શર્મા લડી રહ્યા હતા, ત્યાં ૭૩.૮૨ ટકા મતદાન નોંધાયું હતું. માણસા જ્યાંથી ગાયકસિદ્ધુ મૂઝવાલા ચૂંટણી લડી રહ્યા હતા, ત્યાં ૭૮.૯૯ ટકા અને મોગા જ્યાંથી અભિનેતા સોનુસૂદની બહેન માલવિકા સૂદ ચૂંટણી લડીરહ્યા હતા ત્યાં ૭૦.૫૫ ટકા મતદાન નોંધાયું હતું. ઝીરા, ગુરૂહરસહાય, જલાલાબાદ, ફાઝિલ્કા, ગીદ્દરબાહા, ભુચોમંડી, તલવંડી સાબો, મૌર, સાદુલગઢ અને બુધલાડા ૧૧ વિધાનસભા મતવિસ્તારમાં મતદાન ૮૦ ટકાથી વધુ થયું હતું. આ તમામ વિધાનસભા વિસ્તારો માલવા પ્રદેશમાં છે જે કુલ ૧૧૭ વિધાનસભા બેઠકોમાંથી ૬૯ બેઠકો ધરાવેછે. આ ડેટા અનુસાર, શહેરી બેઠકોની સરખામણીએ ગ્રામીણ વિધાનસભા ક્ષેત્રોમાં ભારે મતદાન જોવા મળ્યું હતું. અમૃતસર પશ્ચિમ, અમૃતસર સેન્ટ્રલ, અમૃતસર દક્ષિણ અને લુધિયાણા દક્ષિણ બેઠકો ઉપર ૬૦ ટકાથી ઓછું મતદાન નોંધાયું હતું. માલવા પ્રદેશમાં મતદાનની ટકાવારી માઝા અને દોઆબા પ્રદેશો કરતાં વધુ હતી. માલવા પ્રદેશમાં, માનસા, સંગરૂર, માલેરકોટલા, ફરિદકોટ, મુક્તસર,૨ ફાઝિલ્કા (અબોહર બેઠક સિવાય), ફિરોઝપુર (ફિરોઝપુર શહેરની બેઠક સિવાય) અને ભટિંડા (ભટિંડા શહેરી બેઠક સિવાય) જેવા જિલ્લાઓમાં ૭૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ૯૩ મહિલાઓ અને બે ટ્રાન્સજેન્ડર સહિત કુલ ૧,૩૦૪ ઉમેદવારો આ વખતે મેદાનમાં હતા. પંજાબના સીઈઓ રાજુએ જણાવ્યું હતું કે રાજ્યમાં ચૂંટણીના દિવસે ૨૪,૭૪૦ મતદાન મથકોમાંથી ૨૩ ટનથી વધુ કોવિડ સંબંધિત કચરો,જેમાં પીપીઈ કિટ, ફેસ માસ્ક, હેન્ડ ગ્લોવ્સ, ફેસ શિલ્ડનો સમાવેશ થાય છે તે એકત્રિત કરવામાં આવ્યો હતો. પંજાબ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જિલ્લા નોડલ અધિકારીઓની મદદથી પર્યાવરણને અનુકૂળ રીતે કચરો એકત્ર કરવામાં આવ્યો હતો અને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. રાજુએ જણાવ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી સંબંધિત કેટલીક નાની ઘટનાઓ જોવા મળી હતી અને કોઈપણ અપ્રિય ઘટનાઓને ટાળવા માટે મતદાનના દિવસે કુલ ૩૩ એફઆઈઆર નોંધવામાં આવી હતી. રાજુએ એપણ જણાવ્યું હતું કે, કુલ ૩૩ એફઆઈઆરમાંથી, ૧૦ નાની અથડામણ, ૧૬ પ્રતિબંધિત આદેશોના ઉલ્લંઘન, ત્રણ મતદાન સંબંધિત ગુનાઓ, અન્ય ત્રણ કેસ અને એક ગોફીબારની ઘટના સાથે સંબંધિત છે. પંજાબમાં કોંગ્રેસ, AAP, SAD, BSP-BJP, PLC-SAD (સંયુક્ત) અને વિવિધ ખેડૂત સંસ્થાઓના રાજકીય મોરચા, સંયુક્ત સમાજ મોરચા વચ્ચે બહુકોણીય હરીફાઈ જોવા મળી હતી. શાસક કોંગ્રેસ સત્તા જાળવી રાખવા માંગે છે જ્યારે તેના હરીફ પક્ષો સત્તા મેળવવાની કોશિશ કરી રહ્યા છે. શિરોમણી અકાલી દફએ બહુજન સમાજ પાર્ટી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી. ભાજપે અમરિન્દરસિંહની આગેવાની હેઠળની પંજાબ લોક કોંગ્રેસ અને સુખદેવસિંહ ધીંડસાની આગેવાની હેઠળની (સંયુક્ત) સાથે ગઠબંધન કરીને આ ચૂંટણી લડી હતી. SSMએ હરિયાણા ભારતીય કિસાન યુનિયનના નેતા ગુરનામ સિંહ ચદુનીની આગેવાની હેઠળની સંયુક્ત સંઘર્ષ પાર્ટી સાથે ચૂંટણી લડી હતી.

ભોળા શિવજીને રીઝવવા શિવરાત્રીએ ઉપવાસ કરવો અતિ ઉત્તમ

શિવરાત્રી એટલે કે દેવોના દેવ મહાદેવ ભોળાનાથને રીઝવવાનું મહાદેવને પ્રસન્ન કરવાનો દિવસ. દેવોના દેવ મહાદેવ એ આદિ અનાદિ દેવ છે. શિવરાત્રી એટલે ભોલાનાથનો જન્મોત્સાવ. આમ તો શિવજી વીશે જેટલું બોલીએ કે કહીએ તો પણ સમ જીવન પણ ઓછું પડે. આ દિવસે અનેકો અનેક પ્રકારના ભજન, સેવાના, પ્રકલ્પો ચરિતાર્થ થતા હોય છે. જેનું દરેક વ્યકિત માટે અનેરો, આહલાદક વિશેષ મહત્વ હોય છે. આ દિવસે દેવની નાગરી એવા ગરવા ગીર જૂનાગઢમાં ગિરનારની ગોદમાં ભવનાથ તળેટીમાં અનેરો અવિસ્મરણીય શિવરાત્રી મેળો યોજાય છે. મીની કુંભમેળા તરીકે પણ જાણીતો છે. બમ બમ ભોલેનાથ, હર હર મહાદેવના નાદ સાથે ઉચ્ચ કોટિના સાધુ સંતોના શિવરાત્રીનાં મેળામાં દર્શન થાય છે. ભાંગના પ્રસાદ સાથે અનેક પ્રકારના ભજનોનો લ્હાવો માણવા મળે છે. કહેવાય છે કે, આ દિવસે સાવયં મહાદેવ ભોળાનાથ કૈલાશ માનસરોવરથી ગીરનાર ભવનાથ તળેટી ખાતે હાજરા હજુર હોય છે. મહાશીવરાત્રીના મેળામાં આથમતી સંધ્યાએ જીવ અને શિવની ઉપાસના કરવાની શુભ ભાવનાથી જોડાયેલો મેળો એટલે હર હર મહાદેવનો શિવરાત્રી એટલે સદભાવ, શિવ એટલે સર્વનું કલ્યાણ, ગળામાં સર્પની માળા ધારણ કરનાર શ્રી ભોલે ભંડારી, શિવ શંભુ મહાદેવ ભગવાનની આજે ભારત દેશ અને પરદેશમાં અનેક હિંદુ ધાર્મિક ભાવિક ભકતો હૃદયની અનેરી શ્રધ્ધાથી એમના આરાધ્ય દેવ મહાદેવની પુજા, અર્ચના, આરતી અને અભિષેક કરીને કૃતજ્ઞતાની લાગણી અનુભવશે. શિવરાત્રી તો પ્રતી માસા આવે છે. પરંતુ મહાશિવરાત્રી વર્ષમાં એક જ વખત આવે છે. શીવજી ભકતો આ દિવસે ઉપવાસ રાખી ઓમઃનમ શિવાયના અખંડ પાઠ કરી શિવલિંગ ઉપર બીલીપત્રો ચઢાવી દુધ, પાણીનો અભિષેક કરી શિવ ઉપાસના દ્વારા ભગવાન શંકરના કૃપાપાત્ર બનવા પ્રયત્ના કરે છે. શિવરાત્રી પર્વ સાથે હરણ અને પારધીની પૌરાણીક માન્યતા જગતપ્રસિધ્ધ છે. એમાં પણ હરણ પરિવારની મુકિત અને પારધીની પાપમુકિતમાં ભગવાના શિવનો કલ્યાણભાવ જોવાય છે. બધા દિવસોમાં શ્રેષ્ઠ દિવસ અને રાત્રી ગણવાથી તેને મહાશિવરાત્રી નામ અપાયું. આમ મહાશિવરાત્રીનું પર્વએ શિવભકતો માટે શિવની આરાધના અને ઉપાસનાનો તહેવાર છે. જીવ અને શિવનો યોગ સાધતી મહારાત્રી એટલે મહાશિવરાત્રી. ભગવાન શંકરનો મહિમા અનેરો અને અદકેરો છે. સાત્વીક સહજ ભકિતથી પ્રસન્ન થનારા ભગવાન શંકર મહાપ્રલયકારી છે. બ્રહ્માંડના જીવનું સંકલન કરનારા છે. દુષ્ટ, દુરાચારી, વિદ્રોહીઓના મારક છે. સત્ય, સંયમ, સાત્વીકતાના તારક છે. દૈત્ય સેનાના સંહારક છે. શંખ, ડમરૂ, ત્રિશુલ ધારક છે. ભુતનાથ, ભૈરવાદી રૂદ્રોના પતી અને સાધુ જોગીઓના સ્વામી અને ભકતોના ઉપકારક છે. ભગવાન શંકરનો અતિમાન કે અભીમાની મંજુર નથી. તેત્રીસ કરોડ દેવતાઓને વશમાં કરનાર રાવણની ત્રણ ઈચ્છા પણ અભિમાનના કારણે જ ભગવાન શંકરે પુરી કરી ન હતી. વૈરાગ્ય શતકના રચચીતા ભૃતુહરીની પણ પરીક્ષા લેવામાં ભગવાન શંકરે બાકી રાખ્યું ન હતું. રાજા ભૃતુહરી સર્વસ્વ ત્યાગીને ફકીર બન્યો, સંત બન્યો. એક પછી એક વસ્તુઓનો ત્યાગ કરતા ગયા. પરંતુ વૈરાગ્યનું અભિમાન જયાં સુધી રહ્યું ત્યાં સુધી ભગવાન શંકર દુર જ રહ્યાં. ભકતોને ભકિતનું જયાં સુધી અભિમાન રહે ત્યાં સુધી ભગવાન શિવને ભકિત, પૂજા, ઉપાસના સ્વીકાર્ય બનતા નથી અનો એ જ બ્રહ્માંડનો સાર્વકાલીન યમ નિયમ છે. મહાશિવરાત્રીના પર્વના આ દિને પૃથ્વી ઉપરના આ તમામ શિવલીંગોમાં રૂદ્રનો અંશ હોય છે. અનિષ્ટોના વિનાશક તમામ ગ્રહોના અધિષ્ઠાત્રા મહાદેવ શિવ છે. આથી મહાશિવરાત્રીએ શિવપુજના આયુષ્યની સાથે ઐશ્વર્ય પણ આપે છે. જન્મના ગ્રહોના દ્વારિદ્રય યોગ શિવરાત્રીએ શિવપુજનથી દુર થાય છે. આ પર્વના દિને તમામ દેવ કૈલાસમાં મહાદેવના સાનિધ્યમાં હોય છે. આથી આ દિવસે મહારૂદ્રનો હોમાત્મક પાઠ સોમયજ્ઞનું ફળ આપે છે. આમ મહાશિવરાત્રી પર્વ ભગવાન શિવ ભકતો માટે મહાત્મય ધરાવે છે.

"ભારતના શિવાલયોમાં ગુંજશે હર હર મહાદેવનો નાદ"

શિવ એટલે મંગલ, આવાહન, આસાન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ગંધ, પુષ્પ, ધૂપ, નૌવૈદ્ય, આરતી, પાનબીડું, નામસ્કાર અને વિસર્જનના આ સોળ પ્રકારનાં પૂજનનો ષોડશોપચાર કહેવામાં આવે છે. શિવલિંગના પાયા સ્વરૂપો છે. પૂજન માટે શીવલિંગના પાંચ પ્રકારો છે. આ પ્રકારો છે : સ્વયંભૂ લિંગ, બીંદુ લિંગ, સ્થાપિત લિંગ, ચરલિંગ, ગુરૂ લિંગ. બધા પ્રકારના પાપોનો નાશ કરવા અને સમસ્ત સુખોની કામના માટે મહાશિવરાત્રી વ્રત કરવું શ્રેષ્ઠ છે. સ્કંદ પુરાણ મુજબ મનુષ્ય જે કામનાથી આ વ્રતને કરે છે તે પૂરી થઈ જાય છે. પુરૂષ વ્રત કરે તો તેને ધન દૌલત, યશ અને કીર્તી પ્રાપ્ત થાય છે. મહિલાઓ સુખ સૌભાગ્ય અને સંતાન પ્રાપ્ત કરે છે. કુંવારી કન્યાઓ સુંદર કે સુયોગ્ય પતિ મેળવવાની કામનાથી આ વ્રત કરે છે. મહાશિવરાત્રી વ્રત કરવાથી ભગવાન શિવ જેટલા પ્રસન્ન થાય છે એટલા તો સ્નાન, વસ્ત્ર, ધૂપ પુષ્પ અને ફળોના અર્પણ કરવાથી પણ નથી થતા. તેથી આ દિવસે ઉપવાસ કરવો અતિ ઉતમ કર્મ છે. સાંજથી જ ભગવાન શિવની પૂજા માટે પૂર્ણ સામગ્રી તૈયાર કરો. રાત્રે ભગવાન શિવની ચાર પ્રહરની પૂજા ખૂબ ભાવપૂર્વક કરવાનું વિધાન છે. દરેક પ્રહરની પૂજા પછી આગામી પ્રહરની પૂજામાં મંત્રોનો જાપ બમણો, ત્રણ ગણો, ચાર ગણો કરો. ભગવાન શિવને દૂધ, દહીં, મધ, સફેદ કમળ, ફૂલ સાથે જ ભાંગ ધતૂરો અને બિલીપત્ર અતી પ્રિય છે. આ મંત્રોનો જાપ ઓમઃ નમ શિવાય, ઓમ અધોરાય નમઃ ઓમ ઈશાનાય નમ, ઓમ તત્પુરૂષાય નમઃ મંત્રના જાપ કરવા. રાત્રે શિવ ચાલીસાનો પાઠ કરો. આ ઉપરાંત પુજાની દરેક વસ્તુને ભગવાન શિવને અર્પીત કરતી વખતો તેની સાથે સંબંધિત મંત્રનું ઉચ્ચારણ કરો. દરેક પ્રહરની પૂજાનો સામાન જુદો હોવો જોઈએ. હળદર, કંકુ ઉત્તપતિનું પ્રતીક છે. તેથી મહાદેવની પૂજામાં તેનો ઉપયોગ ન કરવો જોઈએ. બિલીપત્રના ત્રણેય પાના પુરા હોવા જોઈએ. ખંડિત બિલીપત્રા કયારેય ન ચઢાવો. ચોખા, સફેદ રંગના આખા હોવા જોઈએ. તૂટેલા ચોખા પૂજામાં નિષેધ છે. ફૂલ વાસી અને કરમાયેલ ન હોવા જોઈએ.

સંકલન : ડો. રાજેશ એચ. ત્રિવેદી, રાજકોટ

મંગળમય મહિમાવંત્ મહાદેવ (મહેશ)નું પરમસત્ય એટલે જ શિવરાત્રી

સત્ય, મધુર, મનોહર વ્હાલા, વચનપાલન, ઉચ્ચમ તપ, વ્રત, અભિષેક અને ઉપવાસ સર્વની સાથે ભકિતભાવપુર્ણ સ્તુતી સ્તવનનો અક્ષય આનંદ આશિષનો આશુતોષ (શિવ)નો અનેરો અનુપમ અનોખો અવસર એટલે મહાશિવરાત્રી. મહાશિવરાત્રીનોમનોહર મહિમાવંત મંગળમય તહેવાર મહામાસની કૃષ્ણપક્ષ વદની ચર્તુદર્શીના શુભ દિવ્ય દિવસે આવે છે અને આ અક્ષય આનંદના દિવ્ય દર્શનીય દૈદિપ્યમાન દુર્લભ દિવસનો અનેરા ઉમળક ઉમંગે ઉજજવળ ઉલ્લાસનો ઉર્મીશીલ ઉત્સવ ગણીને ઉત્સાહથી ઉત્સવરૂપે ઉજવવામાં આવે છે. સમગ્ર સૃષ્ટીના ત્રણ મુખ્ય દેવ ત્રિદેવમાં ભગવાન ભોળાનાથ ના ભવ્ય સ્થાન અને માનપાન છે જે શંકર (મહેશ) નાગધારી છે. સદાશિવ શંકરના આ સિવાય પણ અસંખ્ય નામો છે. જેની યાદી કરીએ તો એ યાદી અતિ લાંબી થઈ જાય તેમ છે. જેથી મુખ્ય નામો છે એ આ મુજબ છે. આશુતોષ, ઉમેશ, ઉમાપતિ, ઉમાકાંત, કૈલાશ, કૈલાશપતિ, ગિરજાપતિ, ગૌરીશંકર, ગંગાધર, ગંગેશ, ગૌરીપતિ, જગદીશ્વર, જગદાધાર, ત્રિનેત્ર, ત્રિલોચન, નટરાજ, નિલકંઠ, પિના કૃપાણિ, પિનાકીન, ભોળા નાથ, મહેશ, મહાદેવ, મહા કાળ, શંકર, શંભુ, સદાશિવ, શિવ અને સોમેશ્વર છે. આવા અસંખ્ય નામો પ્રભુએ ધર્યા છે. હવે જોઈએ શિવરાત્રીની એક પરમ પાવન પ્રાચીન પરંપરાના પ્રતિક સમી પ્રચલીત કથા કે જેનાથી આ મહાશિવરાત્રીનો ઉદ્ભવ થયો. હજારો વર્ષ પહેલાની આ વાત છે. એક અતિ અઘોર અને વિકટ વન હતું કે જેમાં જાત-જાતનાં અને ભાતભાતના પશુ પક્ષીઓનો વાસ હતો. જેમાં ઉદર અને સસલા હરણથી માંડીને સિંહ અને હાથીનો પણ સમાવેશ થતો હતો. એક દિવસ આ વનમાં એક વિકરાળ પારધી શિકાર કરવાને માટે આવ્યો એ વહેલી સવારે જ આવ્યો હતો. આવીને એ શિકારની શોધમાં આમ તેમ જોવા લાગ્યો. શિકારની શોધ આરંભી પણ નસીબનો કમભાગી કે એને આખા દિવસમાં રઝળપાટ પછી પણ એકેય શિકાર પણ ન સાંપડયો અને આમ જ સાંજ પડી ગઈ નવલી નિશાએ ઘોરવનમાં પોતાનું સામ્રાજય સ્થાપી દીધું ઠેર-ઠેર જંગલી જનાવરોના અવાજો ગુંજવા લાગ્યા. આ પારધી ભુખ તૃષાથી આકુળ વ્યાકુળ થઈ ગયો પણ એને ભુખ તરસ કે થાકનું કઈ જ ભાન ન હતું કારણ કે, ઘરે પોતાની પત્નિ અને બાળકો ભુખે ટળવળતા હતા અને એમના ઉદાસ અને મ્લાન અને ગ્લાની મુખ નજરે તરવરતા હતા. આ વસવસાએ એ અતિ ઉદાસ બની ગયો અને રાત્રી થઈ જવાથી એક ઝાડ ઉપર ચડી ગયો અને ઝાડ ઉપર એ જાગતો જ બેઠો હતો. એને એવી આશા હતી કે પાસેનદી હોવાથી કોઈ જાનવર પાણી પીવા આવશે તો કંઈક શિકાર મળશે. થોડીવારમાં તેને એક હરણી દેખાઈ. પારધી બાણ ચડાવીને સાવધ થયો ત્યારે હરણી પારધીને જોઈને બોલી હે ભલા ભાઈ થોડીવાર માટે તું શોભી જા મારો શિકાર અત્યારે ન કરીશ કેમકે મારા બચ્ચા ઘરે ભુખ્યા છે. મારા બચ્ચા અને સ્વજનોને મળી આવું. હું સુર્યોદય પહેલા આવી જઈશ. પ્રથમ તો પારધીએ એની વાતને ગણકારી નહીં અને કહ્યું કે મારા ઘેર પણ મારી પત્નિ અને બાળકો ભુખ્યા ટળવળે છે. તો એનું શું? હરણી ફરીને કરગરીને કહેવા લાગી કે ભાઈ તું મારૂ કહ્યું માન હું અવશ્ય આવીશ તું શ્રધ્ધા રાખ અને આમ કહેતા જ હરણીની આંખમાં ગંગા જમના ઉભરાયા. હરણીના કાકલુદી અને કાલાવાલાથી પારધી થોડો પીગળ્યો. એ વાત એને ગળે ઉતરી ગઈ. કુર પારધીને મમતાએ મીણ ક્ષીણ બનાવી દીધો અને હરણી ઘરે આવી આંખમાં આંસુ સાથે બાળ બચ્ચાને ભેટી શીંગથી ખજવાળ્યા અને ધરાઈ ધરાઈને ચાટયા અને પારધી શિકારીની વાત કરી. હરણ અને બચ્ચા કહે કે અમે પણ સવારે સાથે આવશું. અમારૂ પછી અહીં શું કામછે માંવિના અહીં અમારૂ કોણ? હરણી કહે હા સાવસાચી વાત છે સૌ સાથે જઈશું. પારધી હરણીના ગયા બાદ ઝાડ ઉપરના પાંદડા તોડી-તોડીને નીચે નાખવા લાગ્યો. આ ઝાડ બિલીનું હતું. જોગાનુંજોગએ ઝાડ નીચેજ એક અપૂજય પ્રાચીન શિવલીંગ હતું એના ઉપર બિલીપત્ર પડવા લાગ્યા અને પત્નિ બાળકોના ભુખના દુઃખે એની આંખમાંથી આંસુ વહેતા હતા એ પણ શિવલીંગ ઉપર પડતા હતા. આમ પ્રથમતો શિવલીંગ ઉપર બિલીપત્ર ચડયા પછી અશ્રુનો અભિષેક થયો અને આખા દિવસનો પારધી ભુખ્યો તરસ્યો હતો એથી ઉપવાસ થયો અને ચોથી સીધ્ધી એણે જાગરણ કર્યું. આ દિવસ હતો મહાવદી ચતુર્દશીનો. એક સાથે ચાર-ચાર સીધ્ધી સાંપડવાથી કૈલાશપતિએ એની ક્રુરતાને સ્થાને કોમળતા બક્ષી અને પારધી કડક અને કરડાકીમાંથી કરૂણામય અને કોમળ બન્યો. સૂર્યોદય થવાની તૈયારી હતી ત્યાંજ એક સાથે અસંખ્ય હરણનું ટોળું પારધી સમક્ષ આવીને ઉભું રહ્યું. પારધીને સૌ એકી અવાજે કહેવા લાગ્યા કે પારધી હવે અમને ખુશીથી માર અમે અમારૂ વચન પાળ્યું છે. હવે તમે તમારૂ વચન નીભાવો. પડછંદ પાષાણ હૃદયનો શિકારી પારધી આ વચન સાંભળી અશ્રું સારવા લાગ્યો અને કહેવા લાગ્યો જાઓ પ્યારા હરણાઓ હવે તમે સુખેથી ઘરે જાઓ હું તમને નહીં મારૂ, મે તમોને જીવનદાન દીધું છે. હવેથી કોઈ પણ નિર્દોષ પ્રાણીનો કયારેય પણ શિકાર નહીં કરૂં ફળ ફુલ કે કંદમુળથી કુટુંબનું ભરણપોષણ કરીશ. આ સાંભળી હરણા બોલ્યા ધન્ય છે પારધી તું દયાળું બન્યો ધન્ય છે તારી જનેતાને જેણે તારા જેવા દયાળું દિકરાને જન્મ આપ્યો. એટલામાં આકાશ માંથી સુંગધીત સુંદર સફેદ (સુમનો) ફુલની વૃષ્ટિ હરણા અને પારધી ઉપર થઈ અને ગગનમાંથી એક ભવ્ય દિવ્ય અલૌકીક વિમાન ઉતરી આવ્યું એમાંથી ખુદ કૈલાશપતિ ઉતર્યા અને કહ્યું કે હે પારધી ધન્ય છે તારી ભકિત અને હરણાઓ ધન્ય છે તમારા વચન પાલનને. ચાલો હું તમને સૌને કૈલાસ લોક લેવા આવ્યો છું. સૌ અદ્ભુત વિમાન માં બેઠા અને મોક્ષપદને પામ્યા. આ એમની ઉપર જ સ્નેહ સ્મૃતિમાં મહાશિવરાત્રીનો ઉત્સવ અક્ષય આનંદ આશિષની ઉરના ઉમળકે અને ઉમંગે ઉજવાય છે. આપણે પણ અક્ષય આનંદના આ અવસરે આશુતોષ ને અંતરથી આસ્થાથી આરાધના કરવાથી આ અવનીના સકળજનો ઉપર સદાય સ્નેહ સુખ શાંતિ સંપ સંતોષ સ્વાસ્થ્યની શિતળ ગંગા વહાવજે રમ્ય રવિ કિરણની રોનક ફેલાવજે અને સમગ્ર સૃષ્ટિમાં સ્નેહનું સુખ સામ્રાજય સંતાપ હટાવીને સદાશિવ શંભુ સદાય સ્થાપજે એવી અંતરથી પ્રાર્થના કરીએ.

ઓમ નમઃ શિવાય.

:: રૂદ્રાભિષેક ::

અગાધ મહામાંગલ્યપ્રદે માસોત્તમે માસે અમુક માસે, અમુક પક્ષે, અમુક તિર્થે, અમુક વાસરે એવં ગ્રહગણ વિશિષ્ટાયાં શુભ પૂણ્યતિથિ અનેન (મારા મનના મનોરથની સફળતા અને સંકટોના નિવારણ માટે) ભગવાન સામ્બ સદા શિવ પ્રીત્યાર્થે રૂદ્રાભિષેકમહંકરિષ્યે.

ત્યારબાદ ૐ નમઃ શિવાય મંત્રની એક મળા કરી નીચે મુજબ અભિષેક કરવો

॥ ૐ॥ સર્વ દેવેભ્યો નમઃ॥
ૐ નમો ભવાય શર્વાય રૂદ્રાય વરદાય ચ ।
પશુનાં પતયે નિત્યં ઉગ્રાય ચ કપર્દિને॥ ૧॥
મહાદેવાય ભીમાય ત્રંબકાય શિવાય ચ ।
ઈશાનાય મખદનાય નમસ્તે મખઘાતિને॥ ૨॥
કુમાર ગુરવે નિત્યં નીલગ્રીવાય વેધ્રુસે ।
પિનાકિને હવિષ્યાય સત્યાય વિભવે સદા
વિલોહિતાય ધ્રૂમાય વ્યાધિને અપરાજિતે॥ ૩॥
નિત્યં નીલશિખંડાય શૂલિને દિવ્ય ચક્ષુષે ।
હન્ત્રે ગોપ્ત્રે ત્રિનેત્રાય વ્યાધાય ચ સુરેતસે ॥૪॥
અચિંત્યાયામ્બિકાભત્રે સર્વદેવસ્તુતાય ચ ।
વૃષભધ્વજાય મુણ્ડાય જટિને બ્રહ્મચારિણે॥ ૫॥
તપ્યમાનાય સલિલે બ્રહ્મણ્યાયજિતાય ચ ।
વિશ્વાત્મને વિશ્વસૃજે વિશ્વમાવૃત્ય તિષ્ઠતે॥ ૬॥
નમો નમસ્તે સત્યાય ભૂતાનાં પ્રભવે નમઃ
પંચવકત્રાય શર્વાય ચ શંકરાય શિવાય ચ ॥ ૭॥
નમોઽસ્તુ વાચસ્પતયે પ્રજાનાં પતયે નમઃ ।
નમો વિશ્વસ્યપતયે મહતાં પતયે નમઃ॥ ૮॥
નમઃ સહસ્ત્ર શીર્ષાય સહસ્ત્રભુજ મન્યવે ।
સહસ્ત્ર નેત્ર પાદાય નમઃ સાંખ્યાય કર્મણે॥ ૯॥
નમો હિરણ્ય વર્ણાય, હિરણ્ય કવચાય ચ ।
ભકતાનુંકંપિને નિત્યંસિધ્યતાં નો વરઃ પ્રભો॥ ૧૦॥
એવંસ્તુત્વા મહાદેવ વાસુદેવઃ સહ્યુર્જુનઃ ।
પ્રસાદયામાસ ભવં તથા શસ્ત્રોપ લબ્ધયે॥ ૧૧॥

પુત્ર માટે ચોખાથી, ધન વૈભવ માટેબિલીપત્રથી, કન્યા માટે ડાંગરથી, લાંબા આયુષ્ય માટે દુર્વાથી, પશુ, વાહન તથા નોકર ચાકરની ઈચ્છાવાળાએ ઘી ની ધારાથી તથા જુદી જુદી કામના માટેતલથી, રોગ મુકિત માટે દૂધથી, રાજયોગ માટે ધૃતધારાથી ૧૧ અભિષેક ભગવાન શ્રી સદાશિવ ઉપર કરવા. સ્ત્રીઓ માટે અને સંસ્કૃત ભાષા ન આવડતી હોય તેવા લોકો માટે પણ આ વિધિ ઉત્તમ છે.

ૐ ત્રંમ્બકંમ યજામહે સંગંધિં પુષ્ટિવર્ધનમ્
ઉર્વારૂકમિવ બંધનાન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્
શિવં શાન્તં જગન્નાથં લોકોનુંગ્રહકારમ્ ।
શિવમેકપંદ નિત્યં શિકારાય નમોનમઃ॥
ૐ તત્સત । ૐ શાંતિ : ૐ શાંતિઃ ।

(શાસ્ત્રી રાજદીપ જોષી, વેદાંત રત્ન)

શિવ ભોળા પણ ખરા, રૌદ્ર પણ ખરા

શિવજીની સાધનાઃ જેટલી ફળદાયી તેટલી કઠિન પણ છે

સામાન્ય રીતે શિવજીને આપણે ભોળાનાથ કહીએ છીએ, શિવજી મહાદેવ છે જેઓ માત્ર જળના અભિષેકથી પણ તૃપ્ત અને પ્રસન્ન થઈ જાય છે અને ભક્તને અભયવચન આપી દે છે. ગ્રહોની પીડાઓ હોય કે જીવની જંજાળ, ગમે તેવી પરિસ્થિતિમાં શિવજી પોતાના ભક્તોને સહાય કરવા દોડી જાય છે. ભક્તને તેઓ કદીય તરછોડતા નથી. પરંતુ સામાન્ય જનામાનસમાં શિવજીની જે છબિ છે તે લગભગ ઘણી અલગ છે અને હકીકત ઘણી અલગ જણાય છે. એક જ દૃષ્ટિકોણથી જોઈએતો શિવજી કદી સમજાતા નથી, પરંતુ અનેક બાજુથી એમની તસવીર ને નિહાળીએ ત્યારે શિવજીનું સમુદ્રથીય વધુ ઊંડાણ અને હિમાલયથીય વધારે ઊંચી ઊંચાઈ સમજાય છે. જ્યારે આપણે આ મુદ્દે સમજી જઈએ ત્યારે આપણે વિસ્ફારિત નેત્રેએમની સામે તાકી રહીએ છીએ, કે હે અર્ધનારેશ્વર, આપના પ્રભાવનો તો પાર નથી.

શિવ શબ્દનો અર્થ પણ કલ્યાણ થાય છે. કલ્યાણના મૂર્ત સ્વરૂપ એટલે શિવજી. જલધારામાત્રથી જ તેઓ પ્રસન્ન થઈ જાય છે. ભક્તરાજ પુષ્પદંતે શિવનિર્માલ્યના ઉલ્લંઘનના દોષને મિટાવવા માટે 'શિવમહિમ્ન સ્તોત્રમ્'ની રચના કરી હતી. સ્વામી રામતીર્થ આ સ્તોત્રથી સમાધિમગ્ન થઈ જતા હતા. આ સ્તોત્રમાં શિવજીનો જે મહિમા વર્ણવવામાં આવ્યો છે તે અદ્વિતીય છે. ગુજરાતના જાણીતા ગાયકો શ્યામલ-સૌમિલ મુનશીએ અદ્ભુત રીતે આ સ્તોત્રનું ગાયન કરેલું છે અને તે હૃદયને શિવમય કરી દે એ કક્ષાનું ઉત્તમ ગાયન છે.

શિવરાત્રિ નિમિત્તે વિશેષ ચિંતન
- કવિ પ્રકાશ 'જલાલ
(કવિ, લેખક, પત્રકાર, અનુવાદક)
મોબાઈલઃ ૯૮૭૯૧ ૯૭૬૮૬

સ્વામી વિવેકાનંદે શિકાગોની સર્વધર્મ પરિષદમાં "રુચીનાં વૈચિત્ર્યાદ્ ઋજુકુટિલનાનાપથજુષાં નૃણામેકો ગમ્યઃ ત્વમસિ પયસામર્ણવ ઈવ"- (જગતમાં વિવિધ રીતે અને અલગ અલગ પદ્ધતિથી લોકો હે ઈશ્વર, આપને જ ભજે છે.) શ્લોક રજૂ કર્યો હતો અનેએમના જ્ઞાનથી અમેરિકનો ઉપરાંત વિશ્વભરના વિદ્વાનો ચકિત થઈ ગયા હતા. શિવજી માટે ભક્તનું નિરભિમાની હૃદય જ મોટો શ્લોક છે. શિવજીની કેટલીક આરાધનાઓ પહેલી નજરે સાવ સરળ જણાય છે, પણ તે ગહન હોય છે. કોઈ પણ માણસને અથવા જેને-તેને શિવજીની કૃપાઓ પ્રાપ્ત થઈ જતી નથી, એ પણ એટલું જ મહાન સત્ય છે. શિવજીને રીઝવવા માટે સાધના કરવી પડતી હોય છે. શિવજી કલ્યાણદાતા મહાદેવ છે, પણ મનુષ્યે એમને ભજવા જેટલી પણ સાત્ત્વિકતા દાખવવી પડે છે. સંસારમાં ખૂંપેલો માણસ અથવા કાવાદાવા કરનારો કે હત્યારો માણસ પ્રભુને પામી શકતો નથી. કોઈને હાનિ પહોંચાડવા માટે શિવજીની આરાધના કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી લેનારાને નથી શિવજી મળતા, કે નથી કલ્યાણનો માર્ગ મળતો. શિવજી તો નમ્રતાથી રીઝે છે. એમને ચોખ્ખું હૃદય ગમે છે. કેટલીક શિવ-સાધનાઓ ખતરનાક પણ હોય છે. દાખલા તરીકે, મૃતસંજીવની કવચ અથવા મંત્ર. આ કવચ અને મંત્રને સિદ્ધ કરવા માટે સાધકની કેટલીક યોગ્યતાની આવશ્યકતા રહે છે. આવી યોગ્યતા જે સાધકમાં ન હોય તેને તે સાધ્ય થતો નથી. ગાયત્રી મંત્રના અથવા અમુક અલગ મંત્રના અમુક લાખ મંત્રજાપ કરેલા હોય અને પોતાના કલ્યાણ માટે અથવા આત્માની ઉન્નતિ માટે શિવજીને રીઝવવા માગતો હોય એવો જાતક જ આવી તપસ્યાઓ કરી શકે છે. જે અને તે માણસ આવા મંત્રો કરવા બેસી જાય તો તેને હાનિ પહોંચ્યા વિના રહેતી નથી. આ મંત્રો અને કવચ માટે સાધકની માનસિક, શારીરિક અને સ્થળની લગતી શુદ્ધિ અને સાત્ત્વિકતા હોવી ખૂબ જ જરૂરી હોય છે. આ ઉપરાંત, કોઈ સાધક કોઈ અન્ય મનુષ્યને હાનિ પહોંચાડવા કે વિરોધીને નુકસાન કરવા માટે શિવજીની સાધના કરે તો તેની અવળી અસર થઈ શકે છે. શિવજીના ભોળપણનો કોઈ દુરુપયોગ કરી ન શકે, એવી કુદરતી જ વ્યવસ્થા સર્જાયેલી છે. અને તે માનવજાતના ભલા માટે છે, કેમ કે, જો આવી મહાન શક્તિઓનો દુરુપયોગ થવા માંડે તો કોઈ પોતાના શત્રુને કે વિરોધીને જગતની ધરતી ઉપર ટકવા ન દે. તેથી, કુદરતે એવી વ્યવસ્થા ગોઠવી છે કે, કોઈ પણ મનુષ્યને અથવા વિરોધીને હાનિ પહોંચાડવા માટે શિવજીની સાધના કરવામાં આવે તો એવો સાધક બચી શકતો નથી, પરંતુ ભયાનક દુઃખને પ્રાપ્ત કરે છે. શિવજીને પોતાને પણ અન્યને હાનિ પહોંચાડનારી સાધના ના ગમે, એ સ્વાભાવિક છે. કુદરતી રીતે જ એવી વ્યવસ્થા પણ થયેલી હોય છે કે, જો કોઈ મહાપાપી હશે તો તેનો સંહાર પણ એક દિવસ કુદરતી રીતે જ થવાનો છે, એટલે એ માટે મંત્રશક્તિનો દુરૂપયોગ કરી ન શકાય.

તોકતે વાવાઝોડા બાદ ગીર પંથકના કેસર કેરીના આંબાના બગીચાઓમાં આશ્ચર્યજનક ઘટના, એક આંબામાં ખાખડી પણ આવી અને ફલાવરિંગની પ્રક્રીયા પણ ચાલુ

વાવાઝોડામાં બચી ગયેલા આંબાની યોગ્ય માવજતથી સ્થિતિ સુધરી પણ હવે વાતાવરણ વિષમ ન બને તો એપ્રિલમાં કેસર કેરી બજારમાં આવવાનું અનુમાન ખેડૂતોએ વ્યકત કર્યુ : આંબાના બગીચાઓમાં આવેલી ખાખડી હાલ બજારમાં પણ પહોંચી હોવાથી ખેડૂતો અને ઈજારેદારો ખુશ : ગ્લોઈબલ વોર્મિગના કારણે આશ્ચર્યજનક ઘટના બનતી હોવાનું કેરી પકવતા ખેડૂતોનું અનુમાન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૨૫

ગત વર્ષે તોકતે વાવાઝોડાના કહેરમાં ગીર સોમનાથ જીલ્લાના ઉના, ગીરગઢડા, કોડીનાર અને તાલાલા ગીર પંથકમાં આવેલા સેંકડો કેસર કેરીના આંબાના બગીચાઓમાં ભારે નુકસાન પહોચ્યું હતું. ત્યારબાદના સમયગાળામાં આ ચારેય પંથકમાં કલાઈમેન્ટડ ચેન્જના કારણે બદલતા વાતાવરણએ પણ નુકસાન પહોંચાડયાની આંશકા કેરી પકવતા ખેડૂતો વ્યક્ત કરી રહયા હતા.ત્યારબાદ હાલના દિવસોમાં ગીર સોમનાથ જિલ્લાના આ ચારેય પંથકના કેસર કેરીના આંબાનાં કેટલાય બગીચાઓમાં ખાખડી (નાની કેરી) આવી ચુકી છે. તો હજુ કેટલાક બગીચાઓમાં ફલાવરીંગની પ્રક્રીયા શરૂ છે. તો કેટલાક બગીચાઓમાં એક જ આંબા ઉપર ખાખડી પણ આવી છે અને ફલાવરિંગ પણ થઈ રહ્યું છે. આમ, ગ્લોબલ વોર્મિગને કારણે આંબાના બગીચાઓમાં આશ્ચર્યજનક ઘટનાઓ બની રહયાનું સામે આવ્યુ છે. તો એકંદરે કેસરનો પાક લેતા ખેડુતો અને ઈજારદાર આશ્ચર્યચકિત હોવાની સાથે થોડા ખુશ પણ જોવા મળી રહ્યા છે.

હાલના દિવસોમાં ગીર પંથકમાં આવેલા કેટલાક ગરમ વિસ્તારોમાં ખાખડી પણ આવી રહી છે. તો કેટલાય ઠંડા વિસ્તારમાં હજુ આંબા ઉપર ફલાવરિંગ આવી રહ્યું છે. આવી અચરજ ભરી ઘટના ગ્લોબલ વોર્મિગના કારણે બની રહી હોવાનું કેરી પકવતા ખેડૂતો જણાવી રહ્યા છે. કેરીના એક જ બગીચામાં રહેલા એક આંબા ઉપર એક તરફ ખાખડી ઝુલી રહી છે તો બીજી તરફ હજુ ફલાવરિંગની પ્રક્રીયા ચાલુ જોવા મળે છે ! આંબામાં આગતર-પાછતર ફલાવરિંગને કારણે આવું થઈ રહ્યું હોવાનું ગીરનાં ખેડૂત હરિસિંહ રાઠોડ માનતા હોવાનું જણાવી કહે છે કે, 'કોઈપણ પ્રકારની ખેતીમાં ૨૫ ટકા ખેડુતની મહેનત અને ૭૫ ટકા કુદરતની કૃપા જરૂરી છે. તમે ગમે તેટલી મહેનત કરો જો કુદરત રૂઠે ત્યાં કોઈ આડા હાથ દઈ શકતું નથી.' ગીરગઢડા અને ઉના તાલુકા કરતા કોડીનાર અને તાલાળા વિસ્તારમાં તોકતે વાવાઝોડા બાદ સ્થિતિ ઘણી સારી છે. તોકતે વાવાઝોડાએ ઉના અને ગીરગઢડા પંથકના વિસ્તારોમાં તો આંબાઓને મુળ સમેત ઉખાડીને ફેંકી દીધા હતા. જેની સામે તાલાલા અને કોડીનાર પંથકના વિસ્તારમાં આંબાઓ મોટી નુકસાનીથી બચી ગયા હતા. આવા આંબાઓની માવજત કરવાથી હાલ તેમાં ફલાવરિંગ પણ આવી રહ્યું છે તો કેટલાક બગીચાઓમાં ખાખડી પણ આવી ચુકી છે. હવે કુદરત મહેરબાન થાય અને વાતાવરણની વિષમતા ન આવે તો એપ્રિલમાં કેસર કેરીના રસિકોને કેરી ખાવા મળી રહેશે. તો ગીર પંથકનાં આંબાનાં કેટલાક બગીચાઓમાં ખાખડી બાઝી ગઈ છે. ત્યારે ખેડૂતો અને ઈજારદારમાં ખુશી જોવા મળે છે. પણ સાથે ભય પણ છે જે અંગે ખેડૂત દિલીપભાઈ બારડ જણાવે છે કે, જો વાતાવરણ બદલાય અને કમોસમી વરસાદ થાય અને વધુ પડતી ઝાંકળ પડે તો હાથમાં આવેલો કોળીયો ઝુંટવાઈ જશે અને આંબે આવેલી ખાખડી પણ ખરી પડશે. આંબામાં આગતર-પાછતર ફલાવરિંગના કારણે કેસર રસીયાઓને કેરીનો સ્વાદ ચાખવા જરૂર મળશે પણ ઉંચી કિંમત ચુકવીને ! વાતાવરણ જો સ્થિર રહેશે તો આગામી એપ્રિલની શરૂઆતમાં કેસર કેરી બજારમાં આવતી થશે. પરંતુ જો ઝાંકળ વધી તો ખાખડી ખરી જવાની પુરેપુરી સંભાવના છે. આમ પણ આ વર્ષે કેસર કેરીનું ઓછું ઉત્પાદન થશે તેવું કેરી પકવતા ખેડુતો અને ઈજારદારો આંશકા વ્યકત કરી રહ્યા છે. કેસર કેરીના રસીકોને ગીરની પ્રખ્યાત કેરી ખાવા તો મળશે પરંતુ તેની કિંમત વધુ ચુકવવી પડશે તે નક્કી છે. તો સાથે ખેડુતો પણ સતત ચિંતિત છે કે વાતાવરણ વિષમ ન થાય તો પ્રભુ કૃપા.

ગીર સોમનાથ જીલ્લામાં દિવસ દરમ્યાન રેઢા જોવા મળતા બાઈકોની ચોરી કરતા ત્રણ રીઢા તસ્કરોને એલસીબીએ ઝડપી પાંચ ચોરેલ મોટર સાયકલો જપ્ત કર્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૨૫

દિવસદરમ્યાન હરતા ફરતા રેઢી મોટર સાયકલોની ચોરી કરતા ત્રણ રીઢા ચોરોને ગીર સોમનાથ જીલ્લા એલસીબીએ બાતમીના આધારે ઝડપી લઈ પાંચ ચોરેલ મોટર સાયકલો સાથે પકડી પાડી અણઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલેલ છે. પકડાયેલા રીઢા ચોરો અયાઉ અમરેલી તથા જૂનાગઢ જીલ્લામાં ઘરફોડ ચોરીના ગુનામાં પણ ઝડપાયેલા હોવાની પોલીસને માહિતી મળતા આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ જીલ્લામાં વધી રહેલા મોટર સાયકલ ચોરીની ઘટનાઓ અટકાવવા અને અગાઉ ચોરીના નોંધાયેલ અણઉકેલ ગુનાઓના આરોપીને સત્વરે ઝડપી લેવા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી અને એએસપી ઓમપ્રકાશ જાટે સુચના આપી હતી. જેને લઈ એલસીબીની ટીમ પેટ્રોલીંગ હાથ ધરી ચોરી કરનાર આરોપીઓની શોધખોળ કરી રહી હતી. દરમ્યાન એલસીબીની ટીમ કોડીનાર-સુત્રાપાડા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી એ સમયે બાતમી મળેલ કે, ત્રણ શખ્સોને ચોરાઉ મોટર સાયકલ લઈ તાલુકાના કડવાસણ ગામથી કોડીનાર તરફ જઈ રહયા છે. જેના આધારે એલસીબીના નરેન્દ્ર કછોટ, રામદેવસિંહ જાડેજા, અજીતસિંહ, નરેન્દ્ર પટાટ સહિતનાએ કોડીનાર જવાના રસ્તાએ ઉપર વોચ ગોઠવેલ હતી. એ સમયે એક ત્રિપલ સવાર મોટર સાયકલ પસાર થતા તેને શંકાના આધારે રોકાવી પુછપરછ હાથ ધરી હતી. જેમાં (૧) રમેશ નાનજી પરમાર ઉ.વ.૨૪ રહે. પ્રશ્નાવડા, (૨) દિનેશ મનજી સોલંકી (ઉ.વ.૨૫), (૩) પરેશ સામત ધોળકીયા (ઉ.વ.૨૪) બંનો રહે.કુબડા તા.ધારીવાળા હોવાનું જણાવતા તેઓ પાસેની મોટર સાયકલના આધાર પુરાવા માંગતા તે ન હોવાનું અને સંતોષકારક જવાબ આપતા ન હતા. જેથી ત્રણેયને કચેરી ખાતે લાવી આગવીઢબે પુછપરછ હાથ ધરતા તેઓ પાસેની મોટર સાયકલ ચોરી કરેલ હોવાની કબુલાત આપવાની સાથે અન્ય પાંચ મોટર સાયકલો ચોરી કરેલ હોવાનું જણાવેલ હતુ. જેથી તે પાંચેય મોટર સાયકલો તેઓ પાસેથી કબ્જે કરવામાં આવી હતી. આ પાંચેય મોટર સાયકલો અંગે પોકેટ કોપ તથા ઈ-ગુજકોપમાં તપાસ કરતા કોડીનારમાંથી-૨, સુત્રાપાડામાંથી-૧, પ્રાંચીના ખાંભા રોડ ઉપરથી -૧, ઉનાના કેસરીયા ગામેથી-૧ મળી કુલ ૫ મોટર સાયકલો ચોરી કરી હોવાનું પોલીસને જાણવા મળેલ હતુ.

જૂનાગઢમાં યુવતીએ ભુવા સામે દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા ચકચાર

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ ઉપર ભાડાનાં મકાનમાં પરીવારથી અલગ રહેતી એક યુવતીએ રાજકોટ મહીલા પોલીસ સ્ટેશન નજીક ઝેરી દવા પી લઈને તેની સાથે દુષ્કર્મ થયું હોવાની ફરીયાદ જૂનાગઢ બી ડીવીઝન ખાતે નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યું છે કે જૂનાગઢનાં ભરડાવાવ ગીરનાર દરવાજા પાસે રહેતા આરોપી ભુવા સુરજ લાખાભાઈ સોલંકીએ ભોગ બનનાર ફરીયાદીની સાથે લગ્ન કરવાની લાલચ આપી તેમજ ધાકધમકી આપી ફરીયાદીની મરજી વિરૂધ્ધ અનેકવાર બળજબરીથી શારીરીક સંબંધ બાંધી અને ફરીયાદીને પ્રેગ્નેટ કરીને એબ્રોસન કરાવી નાંખ્યું હતું. આ ફરીયાદના આધારે પોલીસે ભુવા સુરજ લાખાભાઈ સોલંકી વિરૂધ્ધ ૩૭૬ (૨), ૩૧૩, ૩૨૩, ૫૦૬ (૧) મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ બી ડીવીઝનનાં પીએસઆઈ એન.વી. આંબલીયાએ હાથ ધરી છે.

ભેસાણમાં રહેણાંક મકાનમાંથી રૂા.૧.૫૯ લાખની માલમતાની ચોરી

જૂનાગઢ તા. ૨૫

ભેસાણમાં અમરધામ સોસાયટીમાં રહેતા નવિનાભાઈ કાંતિભાઈ રાવરાણીનાં મકાનનાં મુખ્ય દરવાજાનું તાળુ કોઈ અજાણ્યા શખ્સો તોડી ઘરમાં પ્રવેશી કબાટનો લોક તોડી કબાટમાં રાખેલા રૂા.૧.૧૦ લાખ અને ગલ્લામાં રાખેલ રૂા.૪૦૦૦ મળી કુલ રૂા.૧.૧૪ લાખ તથા સોનાનાં દાગીના કિંમત રૂા. ૪૫૦૦૦ મળી કુલ રૂા. ૧.૫૯ લાખની માલમત્તાની ચોરી કરી જતા આ અંગે પોલીસમાં ફરીયાદ નોંધાવતા પીએસઆઈ કે.એમ. ગઢવીએ આગળની તપાસ હાથ ધરી છે.

વેરાવળના ડારી ટોલબુથ ઉપર સ્થાનિકો પાસેથી ટોલ ઉઘરાવવા સામે આંદોલન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૨૫

વેરાવળ નજીક આવેલ ડારી ટોલ નાકાથી ૨૦ કી.મી.ની ત્રિજીયામાં આવતાં લોકોના વાહનોનો ટોલ ઉઘરાવતા હોવાથી ટોલ નાકા પાસે સ્થાનિકો દ્વારા ઉપવાસ આંદોલન શરૂ થયેલ છે. આ અંગે વેરાવળના સામાજીક કાર્યકર્તા જગમાલભાઈ વાળા, ખેડુત લખાભાઈ સોલંકી, વિવેક દવે સહીતના દ્વારા ડારી ટોલ નાકા ખાતે શરૂ કરાયેલ ઉપવાસ આંદોલન બાબતે જણાવેલ કે, વર્ષોથી આ ટોલ ટેક્ષ ઉપર સ્થાનિક લોકો પાસેથી ટેક્ષ ઉઘરાવવામાં આવતો ન હતો પરંતુ હાલના ટોલ નાકાની એજન્સી દ્વારા સ્થાનિક વાહનો અને ખેડૂતોના વાહનો પાસે ટોલ ટેક્ષ ઉઘરાવતા હોવાથી આ ઉપવાસ આંદોલન શરૂ કરેલ હોવાનું જણાવેલ છે. આ આંદોલનમાં સ્થાનિક સંસ્થાઓ, ખેડૂતો, શહેરીજનો સહીતના જોડાયેલ હોય અને આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો ગાંધી ચીંધીયા માર્ગે જવાની પણ તૈયારી હોવાનું જણાવેલ છે. જ્યાં સુધી આ માંગ પૂરી ના થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેનાર હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

:: અવસાન નોંધ ::

વિસાવદર : સોરઠીયા શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. જેઠાલાલ મોહનલાલ દવેનાં ધર્મપત્ની ગં.સ્વ. જયાલક્ષ્મીબેન (ઉ.વ. ૯૧) તે અમુભાઈ, નટુભાઈ, મુકુંદભાઈ, પ્રફુલભાઈ, અનીલભાઈ, કલાબેન ઉપેન્દ્રકુમાર ભટ્ટ, દમયંતીબેન ભાનુશંકર ભટ્ટનાં માતા, સ્વ. પોપટલાલ વાલજી પુરોહીત (અરણીયાળા)ના દિકરીનું તા. ૨૨-૨-૨૨ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬-૨-૨૨ને શનિવારનાં રોજ સાંજનાં ૩ થી ૫ સુંદરબાબાગ, આનંદપાર્ક સોસાયટી, વિસાવદર ખાતે રાખેલ છે.

માતાનાં ઠપકાથી ઝેરી દવા પી લેતા યુવાનનું મોત

જૂનાગઢ તા. ૨૫

વિસાવદરનાં મોટા કોટડા ગામે રહેતા રમેશ ઉર્ફે ચોથીયો વિનુભાઈ સાગઠીયા (ઉ.વ.૨૦)ને કામ બાબતે તેની માતાએ ઠપકો આપતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા જૂનાગઢ સરકારી હોસ્પીટલે ખસેડાયેલ જયાં ફરજ પરનાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જયારે મુંબઈનાં બોરીવલી ઈસ્ટમાં રહેતા ગૌરાંગભાઈ હર્ષદભાઈ દોશી ઉ.વ.૪૯ ગિરનાર દર્શનાર્થે આવેલ અને છાતીમાં દુઃખાવો ઉપડતા સરકારી હોસ્પીટલે દાખલ કરાયેલ અને ત્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું.

તું અહીંથી જતી રહે નહીંતર તને જીવતી નહી છોડીએ

પરીણિતાએ માંગરોળ પોલીસમાં જામનગરનાં સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી

જૂનાગઢ તા. ૨૫ :હાલ માંગરોળમાં રહેતી પરીણિતા હમીદાબેન સીદીકભાઈ માડકીયા (ઉ.વ.૩૭)એ તેના પતિ સીદીક અલુભાઈ માડકીયા, દિયર ખાલીકભાઈ, દેરાણી શેરબાનુ ઉર્ફે સાજીયા, નણંદ કુલસુમબેન રહે. તમામ જામનગરવાળા વિરૂધ્ધ માંગરોળ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદીને અવારનવાર શારીરિક- માનસીક દુઃખત્રાસ આપી ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી, તું અહીંથી જતી રહે નહીંતર તને જીવતી નહી છોડીએ તેવી ધમકી આપી હતી. આ બનાવમાં માંગરોળ પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દ્વારકા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજથી ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં સંગઠન પ્રભારી અને રાજસ્થાનનાં પૂર્વ આરોગ્યમંત્રી રઘુશર્મા, ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતા સુખરામ રાઠવા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, અર્જુન મોઢવાડીયા, સિદ્ધાર્થ પટેલ, એ.આઈ.સી.સી.નાં સહ પ્રભારી ડો. બીશ્વરંજન મોહંતી, જીતેન્દ્ર બઘેલજી, સેવાદળનાં રાષ્ટ્રીય પ્રમુખ લાલાજી દેસાઈ, સોશ્યલ મીડિયાનાં રાષ્ટ્રીય પ્રમુખ રોહન

ગુપ્તા, મહિલા કોંગ્રેસનાં અધ્યક્ષા ગાયત્રીબા વાઘેલા, ગુજરાત કોંગ્રેસનાં મુખ્યપ્રવક્તા ડો. મનીષ દોશી, કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યો, ૪૦૦થી વધુ ડેલીગેટો, પ્રદેશનાં પદાધિકારીઓ દ્વારકા ચિંતન શિબિરમાં ભાગ લેવા પહોંચ્યા છે. આ ચિંતન શિબિરમાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓ, પદાધિકારીઓ, ધારાસભ્યો, ડેલીગેટો 'દ્વારકા ચિંતન શિબિર'ની ચર્ચામાં ભાગ લઈ આગામી વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ માટેનો રોડમેપ તૈયાર કરશે. જેમાં દ્વારકા રાજયમાં નાગરિકોને પડી રહેલી વિવિધ સમસ્યાઓ અંગે ૧૮થી વધુ મુદ્દાઓની સઘન ચર્ચા કરવામાં આવશે. તેમજ તા.૨૬ ફેબ્રુઆરીએ રાહુલ ગાંધી ચિંતન શિબિરમાં ભાગ લેવા દ્વારકા આવશે. સૌ પ્રથમ દ્વારકાધીશને ધ્વજારોહણ કરી આશીર્વાદ મેળવી "દ્વારકા ચિંતન શિબિર"માં ઉપસ્થિત ૫૦૦ ડેલીગેટને ચર્ચા કરીને માર્ગદર્શન આપશે. આ શિબિરમાં કોંગ્રેસ પક્ષના તમામ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના પ્રતિનિધિઓ, કોર કમીટીના સભ્યો, કોર્ડિનેસન કમીટીના સભ્યો ભાગ લઈ વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૫ બેઠક જીતવા રોડમેપ બનાવશે. ત્રણ દિવસીય ચિંતન શિબિરમાં રાજયની પ્રવર્તમાન પરિસ્થિતિ, જનતાને સ્પર્શતા મુદ્દાઓ, ભાજપની નિષ્ફળતા સાથે ચાર્ટર ડીમાન્ડ રજુ કરાશે. તા.૨૭મીએ ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીને ગુજરાત ૬ કરોડ જનતા માટે 'દ્વારકા ડેકલેરેશન' રજુ કરશે.

કેશોદ : ટ્રક સાથે મોટર સાયકલ ભટકાઈ જતા આધેડનું મોત

જૂનાગઢ તા. ૨૫

કેશોદથી ૩ કી.મી. દુર ચાંદીગઢનાં પાટીયા પાસે જગદીશ મીલની સામે રોડ ઉપર અકસ્માતનો બનાવ બન્યો હતો જેમાં કેશોદમાં રહેતા અશ્વીનભાઈ બાલુભાઈ કાછડીયાનાં નાના ભાઈ બિપીનભાઈ બાલુભાઈ કાછડીયા (ઉ.વ.૪૫) પોતાની મોટર સાયકલ નં.જીજે-૧૧-ડીડી-૦૦૧૧ લઈ કેશોદથી પોતાની વાડીએ આવી રહયા હતા ત્યારે ટ્રક નં. જીજે-૨૫-ટી-૯૪૩૯નાં અજાણ્યા ચાલકે પોતાનો ટ્રક રોડની વચ્ચે રાત્રીનાં સમયે ઈન્ડીકેટર ચાલુ ન રાખી ઉભો રાખેલ અને આ ટ્રક સાથે મોટર સાયકલ ભટકાઈ જતાં અકસ્માત સર્જાતા જેમાં બિપીનભાઈને ગંભીર ઈજા પહોંચતા તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું હતું. આ બનાવમાં પોલીસે ટ્રકનાં અજાણ્યા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી ઈન્ચાર્જ પીઆઈ એન.બી. ચૌહાણે આગળની તપાસ હાથ ધરી છે.

કણેરી ગામ પાસે બે કારની ટકકરમાં યુવાનને ઈજા

જયારે કણેરી ગામ પાસે અજાણ્યા ફોરવ્હીલનાં ચાલકે ફરીયાદી જમનભાઈ ડાયાભાઈ રાઠોડ (ઉ.વ.૨૯) રહે. લાડુડી માળીયા હાટીના)ની કાર નં. જીજે-૧૧-બીડી-૩૩૧૬ સાથે અથડાવી દેતા આ અકસ્માતમાં જમનભાઈને ઈજા પહોંચી હતી. જયારે કાર ચાલક નાસી ગયો હતો.

મજેવડી ગામેથી દારૂની ૩૧ બોટલ ઝડપાઈ

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ તાલુકા પોલીસે મજેવડી ગામે રેડ કરી દારૂની ૩૧ બોટલ ઝડપી પાડી હતી. જૂનાગઢ તાલુકા પોલીસે ચોકકસ બાતમીનાં આધારે મજેવડી ગામે રેડ કરી બાઈક નં. જીજે-૧૧-બીપી-૫૮૮૮માં દારૂની હેરાફેરી કરતા શખ્સોનો પીછો કર્યો હતો પરંતુ મયુર ધીરૂભાઈ હીરપરા (પટેલ) અને રવિભાઈ જીવાભાઈ ભારાઈ પોલીસને ચકમો આપી નાસી છુટયા હતા. પોલીસે સ્થળ પરથી બાઈક અને દારૂની બોટલ નંગ-૭ મળી કુલ રૂા. ૩૨,૮૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. જયારે અન્ય એક દરોડામાં મજેવડી - પત્રાપસર રોડ ઉપર ખારામાં આવેલ વાડામાંથી પણ વિદેશી દારૂની ૨૪ બોટલ ઝડપી પાડી વિરાભાઈ સરમણભાઈ રાડાની અટક કરી કુલ રૂા. ૧૪,૬૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે આ દારૂનો જથ્થો પુરો પાડનાર નિતીનભાઈ દાસાભાઈ રાડા, રવિ જીવાભાઈ ભારાઈ અને મયુર ધીરૂભાઈ હિરપરા હાજર મળી આવ્યા ન હતા. પોલીસે આ તમામ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગુજરાત સરકાર,જળ સંપતિ વિભાગ.

ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.૧૮ ઓફ ૨૦૨૧-૨૦૨૨

ક્રમ	કામનું નામ	(૧)અંદાજીત રકમ રૂ (૨) ટેન્ડર ઓન લાઇન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય.
૧	બીજો પ્રયત્ન રીપેરીંગ ઓફ ધંધુસર ચેકડેમ નં.૨ ફેસ-૪ જોબ નં.૩૯ તા.વંથલી જી.જુનાગઢ	૧) રૂ. 1937523.00 ૨) 04/03/2022 ૧૮.૦૦ કલાક સુધી
૨	બીજો પ્રયત્ન કન્સ્ટ્રકશન ઓફ ગાઈડ વોલ ટુ પ્રોટેક્ટ લેફ્ટ સાઇડ બેન્ક ઓફ ખોડીયાર વિયર વંથલી વોટર રીસોર્સીસ પ્રોજેક્ટ ગામ વંથલી તા. વંથલી જીલ્લો જુનાગઢ.	૧) રૂ. 1892080.84 ૨) 04/03/2022 ૧૮.૦૦ કલાક સુધી
૩	બીજો પ્રયત્ન એફ.ડી.આર.ટુ સી.ડી. એક્રોસ રીવર ઉબેણ નીયર વીલેજ માંડવા તા.ભેસાણ જી.જુનાગઢ	૧) રૂ. 887589.83 ૨) 04/03/2022 ૧૮.૦૦ કલાક સુધી

સંબંધિત કા.ઇ.નું નામ અને સરનામું, ફોન નંબર ફેક્સ નંબર: કાર્યપાલક ઇજને.ર, જુનાગઢ સિંચાઇ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, સરદારબાગ પાસે, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં.(૦૨૮૫)૨૬૩૦૩૨૯, ફેક્સ (૦૨૮૫)૨૬૩૧૫૯૭

વધુ વિગતો www.nwr.nprocure.com & www.statetenders.com. પર જોઇ શકાશે. નોંધઃ હવે પછીના કોઇપણ સુધારાઓ હશે, તે www.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે.

માહિતી/જુના/૧૦૪૬/૨૨

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત

યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી

ગૂજરાત વિદ્યાપીઠ : (NAAC-'A')

આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૦૭૯-૪૦૦૧૬૩૪૧/૩૪૨

દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્.હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ જાહેરાત વર્ષ : ૨૦૨૨-૨૩

વર્ષ ૨૦૨૨-૨૩માં દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્. હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ માટેનાં અરજીપત્રક તા. ૨૫-૦૨-૨૦૨૨થી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પર વિગતો ભરીને વેબસાઈટ પર આપેલી લિન્ક દ્વારા પ્રવેશ પ્રક્રિયા ફી રૂ. ૨૦૦/- ઓનલાઈન ભરીને તેની પાવતી સાથે તા. ૨૫-૦૩-૨૦૨૨ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં પ્રવેશ ફોર્મ તેમજ સંલગ્ન ડૉક્યુમેન્ટ સ્પીડ પોસ્ટ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે www.gujaratvidyapith.org અથવા શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠના કાર્યાલય ફોન નંબર ૦૭૯-૪૦૦૧૬૩૪૧-૩૪૨નો સંપર્ક કરવો.

તા. ૨૩/૦૨/૨૦૨૨ — ડૉ. નિખિલ ભટ્ટ, કા. કુલસચિવ

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

"ઈ" પ્રોક્યુરમેન્ટ નોટીસ નં. ૧૪ સને :૨૦૨૧-૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, બ્લોક નં.૨, બહુમાળી ભવન, સાંદિપની રોડ, (ફોન નં. ૨૨૨૦૫૦૩) પોરબંદરની કચેરી દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઓન લાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામનાં ટેન્ડરો nwr.nprocure.com ઉપરથી જોવા મળશે અને ટેન્ડરો આ સાઇટ પર ઓન લાઇન ભરવાના રહેશે.

ક્રમ નં.	કામનું નામ	(૧) અંદાજીત રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી / કોન્ટ્રાક્ટર શ્રેણી (૪) સમય મર્યાદા
૧	ગેબીયન પીચીંગ વર્ક ફોર સ્ટ્રેન્ધનીંગ બેંક એન્ડ રીવર પ્રોટેકશન એટ વીલેજ બીલડી નીયર બીલડી રેગ્યુલેટર બ્લોક કુતિયાણા ડીસ્ટ્રીકટ પોરબંદર. (બીજો પ્રયત્ન)	(૧) ૪૧,૪૭,૭૮૦.૦૭ (૨) ૪૧,૫૦૦.૦૦ (૩) ૧૫૦૦ / "ઇ-૧" અને ઉપર (૪) ૧૧ મહીના

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ભરવાની તારીખ અને સમય	તા.૨૮-૦૨-૨૦૨૨થી ૦૭-૦૩-૨૦૨૨ ના ૧૮:૦૦ કલાક સુધી
રજી.એ.ડી / સ્પીડ પોસ્ટ મારફતે ફીઝીકલ ડોકયુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૦૮-૦૩-૨૦૨૨ થી ૧૬-૦૩-૨૦૨૨ ના ૧૮:૦૦ કલાક સુધીમાં કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, ગ્રાઉન્ડ ફ્લોર, બ્લોક નં. ૨, સાંદિપની રોડ, પોરબંદર ૩૬૦૫૭૭.
ઓનલાઇન પ્રાઇસ બીડ ખોલવાની તારીખ અને સમય	તા. ૧૭-૦૩-૨૦૨૨ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે અધિક્ષક ઇજનેરશ્રી ની કચેરી, રાજકોટ ખાતે ખોલવામાં આવશે.
લગત અ.ઇ.શ્રીનું નામ અને સરનામું ફોન નં. ફેક્ષ નં.	અધિક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, ૨/૭, બહુમાળી ભવન, રેસકોર્ષ સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧. ૦૨૮૧-૨૪૪૦૫૩૫
લગત કા.ઇ.શ્રીનું નામ અને સરનામું ફોન નં.	કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, પોરબંદર. બ્લોક નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, જીલ્લા સેવા સદન-૨, સાંદિપની રોડ, પોરબંદર ૩૬૦૫૭૭ ૦૨૮૬-૨૨૨૦૫૦૩

વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in અને nwr.nprocure.com વેબસાઇટ જોવા વિનંતી.

નોંધઃ હવે પછી જે કોઇ સુધારો થશે તે ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/પોર/જાનખ/ ૨૨૩ /૨૦૨૨

હર..હર.. મહાદેવ હર..ના નાદ સાથે

ભવનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ સાથે શિવરાત્રી મેળાનો શુભારંભ

ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા શિવરાત્રી મેળામાં ભાવિકોને મળશે સંતોના દર્શનનો લાભ

(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢનાં ભવનાથ તિર્થ ક્ષેત્રમાં આજે મહાવદ-૯ના દિવસે શિવરાત્રીના મેળાનો ભક્તિભાવપુર્વક પ્રારંભ કરવામાં આવ્યો હતો. દેવાધી દેવ ભવનાથ મહાદેવને સવારે ધ્વજારોહણ સાથે શિવરાત્રીનો મેળો વિધીવત રીતે શરૂ થયો હતો. અને હર..હર.. મહાદેવ હર.., જય ભોલે, બમ ભોલે..ના નાદો ગુંજી ઉઠયા હતા.

ભવનાથ તળેટી ખાતે પરંપરાગત રીતે યોજાતા શિવરાત્રી મેળાનો ભવનાથ મહાદેવને ધ્વજારોહણ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે સંતો, મહંતો, મહાનુભાવો, પદાધિકારીઓ તેમજ ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. વાજતે-ગાજતે સંતો દ્વારા ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. આજે ભવનાથ મહાદેવ મંદિરે તેમજ પંચ દશનામ જૂના અખાડા, આહવાન અખાડા તેમજ વિવિધ અખાડાઓમાં ધ્વજારોહણનાં કાર્યક્રમ યોજાયા હતા. પાંચ દિવસના શિવરાત્રી મેળામાં ભજન, ભોજન અને ભક્તિની સરવાણી વહેતી થશે. ભાવિકોને શિવરાત્રીના મેળામાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ભારતી આશ્રમ ખાતે આજથી પાંચ દિવસીય ઉત્સવનો શુભારંભ

(તસ્વીર : અશોક પોપટ)

જૂનાગઢ તા. ૨૫

સમગ્ર વિશ્વની શ્રેષ્ઠતમ આધ્યાત્મીક ભૂમિ ગરવા ગિરનારની ગોદમાં ભારતી આશ્રમ ખાતે આજથી પાંચ દિવસ સુધી દિવ્ય અને ભવ્ય ધર્મોત્સવ યોજાય રહયો છે. પૂ. બ્રહ્મલીન મહામંડલેશ્વર વિશ્વંભરભારતી બાપુની સાધના સ્થલી શ્રી ભારતી આશ્રમ ખાતે આશ્રમના મહંત શ્રી હરીહરાનંદ ભારતીજી મહારાજનાં સાંનિધ્યે સતત પાંચ દિવસ સુધી પંચ દિવસીય ઉત્સવમાં સમગ્ર ભારતમાંથી તપસ્વી અને પૂજનીય સંતો-મહંતો ઉપસ્થિત રહેનાર છે. જેમાં આચાર્ય મંડલેશ્વર જુના પીઠાધીશ્વર અવધેશાનંદગીરીજી મહારાજ, શ્રી મહંત હરીગીરીજી મહારાજ, પીઠાધીશ જયશ્રીકાનંદજી માતાજી, સભાપતિ ઉમાશંકર ભારતીજી મહારાજ, વર્તમાન સભાપતિ મહંત પ્રેમભારતીજી મહારાજ, સ્થાયી ભવનાથનાં વરીષ્ઠ સંતો, અધ્યક્ષ ઈન્દ્રભારતીજી, સાભાપતિ અગ્નિ અખાડાનાં મુકતાનંદજી મહારાજ, યોગી શેરનાથ બાપુ, જુના અખાડાનાં પીઠાધિકારીઓ તથા સંતો-મહંતો, દેહાણ જગ્યાનાં સંતો, શ્રી પરબધામ, પાળીયાદ, સતાધાર, તોરણીયા, દુધરેજ, વડવાળા વગેરેઉપસ્થિત રહેશે.બાપુનાખાસ અંગત મિત્ર દલપતગીરી બાપુ (શિવ નિકેતન), મહાદેવગીરી બાપુ જેવા સંતો-મહંતો ઉપસ્થિત રહેનાર છે. આજે તા.૨૫-૨-૨૨નાં રોજશિવરાત્રી મેળાના પ્રારંભ સાથે આશ્રમ ઉપર ભજન, ભોજન અને સત્સંગનો ત્રિવેણી સંગમ રચાશે. તા. ૨૬-૨-૨૨નાં રોજ યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. તા. ૨૭-૨-૨૨નાં રોજ ભવ્ય ધર્મસભા યોજાશે જેમાં તપસ્વી અને પૂજનીય સંતો ઉપસ્થિત રહી સભામાં અભિવૃધ્ધિ કરશે. તા. ૨૮-૨-૨૨નાં રોજ ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વરીષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં પૂ. બ્રહ્મલીન ભારતીબાપુની સમાધિ મંદિરની મૂર્તિનું અનાવરણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવશે. તેમજ ભારતભરમાંથી પધારેલ સંતોનાં સાંનિધ્યમાં ષોડશી ભંડારો તેમજ સમાધિ પૂજન કરવામાં આવશે. આ પાંચ દિવસ દરમ્યાન રાત્રીનાં ૯.૩૦ થી કિર્તીદાન ગઢવી, નિરંજનભાઈ પંડયા તેમજ નામી-અનામી કલાકારો દ્વારા ભવ્ય સંતવાણીનું આયોજન કરવામાં આવેલ છે. યજ્ઞ મહોત્સવ, સાધુ-સંતોની ભવ્ય ધર્મસભા, પૂ. ભારતીબાપુની સમાધિ મંદિરનું પૂજન, ભારતી બાપુની મૂર્તિ અનાવરણ પૂ. ભારતીબાપુનો ષોડશી ભંડારો આ બધા કાર્યક્રમો પાંચ દિવસ દરમ્યાન યોજાવાના છે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આશ્રમના મહંત હરીહરાનંદ ભારતીબાપુ દ્વારા વિવિધ સમીતીઓ બનાવી સુંદર આયોજન કરવામાં આવેલ છે. તેમજ ભારતીબાપુ પરીવારનાં સંતો મહંતો અને સેવક સમુદાય દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ભારતી આશ્રમ હાલ સંતોથી સુશોભિત અને સત્સંગમય અનુભૂતિ દ્વારા મેળાની શોભામાં અભિવૃધ્ધિ કરી રહયા છે. ત્યારે સર્વધર્મપ્રેમીજનતાને આ તમામ કાર્યક્રમમાં પધારવા ભારતી આશ્રમના મહંત હરીહરાનંદ ભારતીબાપુ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લાની આંગણવાડી કેન્દ્રો ઉપર બાળકોનો કીલકીલાટ ફરી ગુંજ્યો

જૂનાગઢ તા.૨૫

કોરાના સંક્રમણ ઓછું થતા તા.૧૭-૨-૨૦૨૨ને ગુરૂવારથી ગુજરાતની તમામ આંગણવાડી કેન્દ્રો રાબેતા મુજબ શરૂ કરવા માટે સરકારનો નિર્ણય થતા જૂનાગઢ જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતી જૂનાગઢ(ગ્રામ્ય)ની કુલ ૧૨૪૯ આંગણવાડીઓમાં વાલીઓની સંમતીથી બાળકોને બોલાવવામાં આવ્યા અને બાળકોના કિલકિલાટથી આંગણવાડીઓ ગુંજી ઉઠી છે. આંગણવાડીઓમાં કોવીડ-૧૯ની ગાઈડલાઈન મુજબ માસ્ક પેહરીને બાળકો આંગણવાડી કેન્દ્રો ઉપર આવે છે. સાથે સેનીટાઈઝારથી હાથ સાફ કરાવી, કુમકુમતિલક અને ફૂલ, કુગ્ગા તેમજ મીઠાઈ વગેરેથી બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બે વર્ષના વિરામ બાદ આંગણવાડીઓમાં બાળકોએ મન મુકીને ખેલકુદ કરી, ગમ્મત સાથે જ્ઞાન મેળવી સવાર અનેબપોરનું પુરક પોષણ લઇ તેમજ પુર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓ ઉત્સાહથી કરી આંગણવાડીમાં જાણે કે પ્રાણ પુરાયા હોય તેવી અનુભુતી થઇ રહી છે.

ભવનાથ મેળામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા.૨૫

ભજન, ભોજન અનેભક્તિના ત્રિવેણી સંગમ સમાન મહાશિવરાત્રીના લોકમેળામાં જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તારીખ ૨૬, ૨૭ અને તારીખ ૨૮-૨-૨૦૨૨ના ત્રણ દિવસ સાંજના ૬:૩૦ કલાકથી જાણીતા કલાકારો દ્વારા ભાવિકોને ભજન સાથે લોકસાહિત્યની રસ લ્હાણ માણવા મળશે. ભવનાથ ખાતે મંગલનાથ બાપુની જગ્યા સામે વિશાળ સ્ટેજ ઉપર જિલ્લા તંત્ર દ્વારા આ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ઉલ્લેખનીય છે કે, ભવનાથ મેળામાં વિવિધ ઉતારા સાધુ-સંતોની જગ્યાઓમાં મેળા દરમ્યાન ભાવિકો ભજન સાથે ભક્તિમાં તલ્લીન બની જાય છે.

મયંક એસ્ટેટ બ્રોકર - જૂનાગઢ

જૂનાગઢમાં આપની મિલ્કત અને માથે રૂપિયા જોડી બદલામાં સારા લોકેશનમાં કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં આખા ગાળા ખરીદવાની સોનેરી તક.

બ્રોકર : રસીકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી વધુ નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

- કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
- કિપેડ વાળા એન્ડ્રોઇડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
- LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
- ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા

INTRODUCING
Exclusive Designer Hi-Fancy Sarees

સાધના કલોથ સ્ટોર
માંગનાથ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૫-૨૬૨૩૭૮૩, ૯૪૨૬૮ ૧૮૮૪૧
Email : info@sadhanajnd.com

ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નેચરોપેથિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણના દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૬ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨